સદ્‌વિચાર પરિવાર
હીરક મહોત્સવ પ્રકાશન શ્રેણી–૧૧

# કસુંબીનો રંગ



કુમારપાળ દેસાઈ

પ્રકાશક : **સદ્‌વિચાર પરિવાર**
સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે,
ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ–૩૮૦ ૦૧૫

આમુખ

સદવિચાર પરિવારની સ્થાપનાને ૬૦ વર્ષ પૂર્ણ થતાં ગયા વર્ષથી હીરક મહોત્સવ નિમિત્તે કુલ ૬૦ પુસ્તકોની પ્રકાશનની શ્રેણી શરૂ કરવામાં આવી છે.

ગુજરાતના જાણીતા સાહિત્યકાર, વરિષ્ઠ પત્રકાર, જૈન ધર્મના જ્ઞાતા અને લોકપ્રિય વક્તા ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા આ શ્રેણીમાં **"કસુંબીનો રંગ"** પુસ્તકના પ્રકાશન માટે આપવામાં આવેલા સહયોગ બદલ સદવિચાર પરિવારના ટ્રસ્ટી મંડળ વતી હું તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

ડૉ. કુમારપાળ દેસાઈએ તેમના પિતાશ્રી જયભિખ્ખુ દ્વારા ૬૬ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલી ગુજરાત સમાચારની લોકપ્રિય કોલમ "ઈંટ અને ઈમારત"ને સતત ચાલુ રાખીને એક વિક્રમસર્જક કાર્ય કર્યું છે. આ પુસ્તકમાં સમાવિષ્ટ તેમના સંક્ષિપ્ત લેખો હકીકતમાં "ગાગરમાં સાગર" ભરી આપવાની કહેવતને સાર્થક કરે છે.

જે રીતે કોઈ કુશળ શિલ્પી બારીક નકશીકામ દ્વારા પોતાની કલાનો પરિચય કરાવે છે, તે જ રીતે ડૉ. કુમારપાળ દેસાઈએ અત્યંત ઓછા શબ્દોમાં વિષયવસ્તુનું સચોટ અને અસરકારક નિરૂપણ કરીને અનેક વિષયો પર મનનીય લેખો આપણને આપ્યા છે.

મને શ્રદ્ધા છે કે આ પુસ્તક સુવિચારના વાચકો, દાતાશ્રીઓ તથા સદવિચાર પરિવારના તમામ શુભેચ્છકોને પસંદ પડશે અને તેમના માટે પ્રેરણારૂપ સાબિત થશે.

**પ્રવીણ ક. લહેરી**

પૂર્વ મુખ્ય સચિવ, ગુજરાત રાજ્ય

મેનેજિંગ ટ્રસ્ટી, સદવિચાર પરિવાર

# કસુંબીનો રંગ

## સદ્‌વિચાર પરિવાર હીરક મહોત્સવ પ્રકાશન શ્રેણી-૧૧

**લેખક**

**કુમારપાળ દેસાઈ**

-: પ્રકાશક :-

**સદ્‌વિચાર પરિવાર**

સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે,

ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫

Website: www.sadvicharparivar.org • E-mail: sdparivar.org@gmail.com

- **કસુંબીનો રંગ**
- સદ્‌વિચાર પરિવારના હીરક મહોત્સવ નિમિત્તે પ્રકાશિત
- લેખક : કુમારપાળ દેસાઈ

- પ્રકાશક :

  **સદ્‌વિચાર પરિવાર**

  સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે

  ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫, ગુજરાત

  E-mail: sdparivar.org@gmail.com

  Website: www.sadvicharparivar.org

- પ્રત : ૧૦૦૦
- મૂલ્ય : રૂ. ૩૫/-
- આવૃત્તિ : પ્રથમ
- મુદ્રક : **પ્રિન્ટ વિઝન પ્રાઈવેટ લિમિટેડ**

  આંબાવાડી બજાર, અમદાવાદ-૩૮૦૦૦૬

- **વિતરણ વ્યવસ્થા : સદ્‌વિચાર પરિવાર**

આપનાં સ્નેહી-સ્વજનોને આ ઉપયોગી પુસ્તક આપવું હોય તો શ્રી મિતેષ શાહના મોબાઈલ નંબર : ૯૪૨૭૬૩૧૩૧૩ પર તેમના નામ-સરનામા અને સંપર્ક નંબરની જાણ કરશો.

આ પુસ્તક બાબતે આપનો અભિપ્રાય અથવા સૂચન હોય તો આપ અમને આ ઈ-મેઈલ sdparivar.org@gmail.com અથવા ૬૩૫૩૧૫૨૨૭૯ ઉપર વિગત મોકલી આપશો.

# આરંભે

વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી પર સવાર થઈને દોડતી મનુષ્યજાતિના જીવનમાં આજે ઊર્ધ્વ ભાવનાઓ અને ઉદાત્ત મૂલ્યો દ્રાવણપાત્રમાં આવીને ઠર્યાં છે. માનવી એના અંતરઆત્માની અભિવ્યક્તિને માટે મરણિયો પ્રયાસ કરી રહ્યો છે અને વધી રહેલા આયુષ્યકાળ અને સુખ, સમૃદ્ધિ અને સગવડની ઊંચે ઊછળતી છોળોની વચ્ચે એની ભાવનાઓ, લાગણી અને માનવીય ગુણો ક્યાંક ગૂંગળામણ અનુભવે છે. આવે સમયે માનવતાની સુવાસથી મહેકતા અને સદ્‌વિચારથી શોભતા પ્રસંગોનાં પ્રસંગોનાં ફૂલોની માળા અહીં ગૂંથવામાં આવીછે.

જી.ડી.પી.ના આંકની સાથોસાથ આજે હવે માનવજીવનમાં ‘હેપ્પીનેસ ઈન્ડેક્સ’ વિશે માનવી વિચારવા લાગ્યો છે. ભૌતિક સુવિધાઓની વચ્ચે એના ભીતરનું સુખ ક્યાંય ખોવાઈ ગયું છે અને એવા સમયે માનવઆત્માની ભીતરમાં વસતા સુખનું સ્મરણ કરાવતા પ્રસંગો અહીં ‘કસુંબીનો રંગ’માં આલેખવામાં આવ્યા છે. આપણે જાણીએ છીએ કે ક્યારેક કોઈ ઘટના, પ્રસંગ કે વિચાર ચિત્તને એવા સ્પર્શી જાય છે કે જેને પરિણામે આપણું જીવનદર્શન પરિવર્તન પામે છે. એમાંથી સાંપડેલો બોધ જીવન જીવવાની ચાવી આપે છે. અહીં એવા પ્રસંગો આલેખાયા છે કે જે માનવીનાં મનમાં સદ્‌વિચાર જગાડે અને એને પરિણામે એના જીવનમાં સદ્‌વર્તનનો પ્રભાવ પ્રગટે. સદ્‌વિચાર એ જ સદાચારનો પાયો છે અને આ પ્રસંગો એ પાયારૂપ સદ્‌વિચારને પ્રગટ કરે છે.

‘સદ્‌વિચાર પરિવાર’ના સ્થાપક અને માનવસેવકના ભેખધારી હરિભાઈ પંચાલ સાથે ગાઢ સંબંધ હતો અને તેમણે મારા પિતાશ્રી જયભિખ્ખુના જીવનપ્રસંગોની પુસ્તિકા પણ પ્રગટ કરી હતી. આજે એ જ રીતે સદ્‌વિચાર પરિવાર, ટ્રસ્ટીમંડળ અને એના મારા સહુ શુભેચ્છકોનાં સદ્‌ભાવથી આ પુસ્તક પ્રકાશિત થાય છે. આશા રાખું છું કે આ સદ્‌વિચારનાં પુષ્પો વાચકના જીવનમાં સદાચારની અને માનવતાની સુવાસ ફેલાવશે.

૧૦-૩-૨૦૨૬ **કુમારપાળ દેસાઈ**

અમદાવાદ

# સદ્‌વિચાર પરિવારઃ માનવ સેવાનું સરનામું

શ્રી હરિભાઈ પંચાલ, શ્રી ચંદુભાઈ પ્રજાપતિ અને શ્રી જીતુભાઈ પટેલની સેવાભાવી ત્રિપુટીએ સ્થાપેલ ‘સદ્‌વિચાર પરિવાર’ વર્ષ ૨૦૨૫માં તેની સેવા યાત્રાનાં ૬૦ વર્ષ પૂરાં કર્યાં. શ્રી હરિભાઈ પંચાલ દ્વારા સમાજમાં સદ્‌વિચાર પ્રસરે તે માટે ‘સુવિચાર’ (માસિક)ના પ્રકાશન સાથે અનેક સમાજોપયોગી પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. ત્રણસો કરતાં વધારે પુસ્તકો પ્રકાશિત કરી ગુજરાતના લોકોના સંસ્કાર-ઘડતરમાં અને ગુજરાતની અસ્મિતા ઉજાગર કરવામાં શ્રી હરિભાઈ પંચાલ સાથે અનેક સિદ્ધહસ્ત લેખકોએ જે અનન્ય પ્રદાન કર્યું છે તેને હીરક મહોત્સવ પ્રસંગે અંજલિ આપવા માટે આમાંનાં પસંદ કરેલાં પુસ્તકોને પુનઃ પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ‘સુવિચાર’ના તમામ ગ્રાહકોને બે પુસ્તકો આ પ્રસંગે નિઃશુલ્ક મોકલવામાં આવશે. આશા રાખીએ છીએ કે અમારા સૌ આજીવન સભ્યો, ‘સુવિચાર’ના વાચકો-દાતાઓ અને શુભેચ્છકોને અમારો આ પ્રયાસ પસંદ આવશે.

**સદ્‌વિચાર પરિવાર ટ્રસ્ટી મંડળ**

- ડૉ. પંકજ એમ. શાહ ‘પદ્મશ્રી’ — પ્રમુખ
- પીયૂષ ઓ. દેસાઈ — ઉપપ્રમુખ
- પ્રવીણ ક. લહેરી — મેનેજિંગ ટ્રસ્ટી
- શૈલેશ આઈ. પટવારી — સહમંત્રી
- જિતેન્દ્ર બી. પંચાલ — કોષાધ્યક્ષ
- કે. આર. સિંઘ — ટ્રસ્ટી
- વિનોદ એ. શાહ — ટ્રસ્ટી
- નીના મધુસૂદન શાહ — ટ્રસ્ટી

ગુજરાતના અનોખા આજીવન સેવાના ભેખધારી શ્રી હરિભાઈ પંચાલ દ્વારા ૧૯૬૫માં સ્થપાયેલ 'સદ્‌વિચાર પરિવાર'નો લગભગ છેલ્લાં ૬૦ વર્ષનો ભાતીગળ ઇતિહાસ છે. અનેક મૌલિક વિચારો નવી પહેલ અને પરિવર્તનશીલ સમાજની નાનામાં નાની જરૂરિયાત પૂરી કરવા માટે સદ્‌વિચાર પરિવારે હંમેશાં સંવેદના સાથે કાળજી રાખવા પ્રયત્ન કર્યો છે.

મૂળભૂત રીતે 'જે સારું વિચારશે તે સારું કરશે' તે સૂત્રમાં શ્રદ્ધા સાથે સમાજમાં સૌના દિલમાં સેવાનો દીવડો પ્રગટે તે માટે હરિભાઈએ ૩૦૦થી વધારે પુસ્તકો છપાવીને વિતરણ કર્યું. દર મહિને 'સદ્‌વિચાર'નું મુખપત્ર 'સુવિચાર' આજે ૧૦,૦૦૦ જેટલા પરિવારમાં નિયમિત વંચાય છે. 'સુવિચાર'ના ગ્રાહકો અને વાચકો જ અમારા દાતાઓ છે. તેમના સહયોગથી આજે 'સદ્‌વિચાર પરિવાર' સંસ્થા અનેકવિધ સેવાઓ આપી રહી છે.

### 'સદ્‌વિચાર પરિવાર'ની વિવિધ પ્રવૃત્તિઓ

૧. જે દર્દીઓ ઘરમાં પથારીવશ હોય અથવા હલનચલનમાં મુશ્કેલી અનુભવતા હોય તેમને વિવિધ પ્રકારનાં મેડિકલ સાધનો ખૂબ નજીવા દરે ઘરવપરાશ માટે આપવામાં આવે છે.

૨. શ્રીમતી શાંતાબહેન જયંતીભાઈ ચોકસી અને જયંતીભાઈ જેઠાલાલ ચોકસી માનસિક આરોગ્ય કેન્દ્ર દ્વારા માનસિક અશાંતિ અને હતાશા દૂર કરવા અદ્યતન સારવાર આપવામાં આવે છે.

૩. આજના યુગની જરૂરિયાત પ્રમાણે કમ્પ્યૂટરમાં પ્રાથમિક અને એડ્‌વાન્સ કોર્સ દ્વારા કોઈ પણ ઉંમરની વ્યક્તિને કમ્પ્યૂટર સંચાલન માટે સુસજ્જ કરવામાં આવે છે.

૪. આંજનેય રીડિંગરૂમમાં ૨૫૦ જેટલાં યુવાન-યુવતીઓ સમગ્ર વર્ષ દરમિયાન પ્રવેશ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરે છે.

૫. સદ્‌વિચાર પરિવારના સ્થાપક અને આજીવન સેવાના ભેખધારી શ્રી હરિભાઈ પંચાલની પુણ્ય સ્મૃતિમાં સેવા ક્ષેત્રે સંપૂર્ણ સમર્પણ સાથે ઉત્કૃષ્ટ પ્રદાન કરનારને 'શ્રી હરિભાઈ પંચાલ સેવારત્ન એવોર્ડ' એનાયત કરવામાં આવે છે. દર વર્ષે ૬થી ૧૦ જાન્યુઆરીના પાંચ દિવસો દરમિયાન 'મનનો જમણવાર' યોજીને

સમાજની વિવિધ પ્રતિભાશાળી વ્યક્તિઓને આમંત્રિત કરી તેમનાં વક્તવ્ય યોજવામાં આવે છે.

૬. **અન્નદાન મહાદાન :** સંત પુનિત ખીચડી પ્રસાદ દ્વારા ૧૦૦ જેટલી વ્યક્તિઓને નિઃશુલ્ક ભોજન અને જરૂરિયાતમંદ પરિવારોને રાશનકિટનું વિતરણ કરવામાં આવે છે.

૭. ડૉ. શિલિનભાઈ શુક્લની સ્મૃતિમાં દર મહિનાના બીજા રવિવારે આરોગ્ય વિષયક પ્રવચન દ્વારા નિષ્ણાત ડૉક્ટરો રોગથી બચવા અને જરૂર જણાય તો યોગ્ય સારવાર લેવા માટે માર્ગદર્શન આપે છે.

૮. આજના સમયની તાતી જરૂરિયાતના સંદર્ભે 'સદ્‌વિચાર પરિવાર' સિનિયર સિટીઝન-વડીલો માટે છેલ્લાં પાંચ વર્ષથી કાર્યરત છે. **સદ્‌વિચાર પરિવાર વરિષ્ઠ ગૌરવ ગ્રૂપ:**, ૬૦થી વધુ ઉંમરના સિનિયર સિટીઝન-વડીલો અરસપરસ હળી-મળી આનંદ કરીને જીવનસંધ્યાને ઉત્સવરૂપ બનાવી શકે તે માટે ૩૨૫થી વધુ સભ્યો ધરાવતું આ ગ્રૂપ કાર્યરત છે, જેઓ 'સદ્‌વિચાર પરિવાર'ના પ્રાંગણમાં અઠવાડિયામાં ત્રણ દિવસ ભેગા મળી અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે, તેમના સ્વાસ્થ્ય માટે સમયાંતરે વિવિધ ચેક-અપ કરવામાં આવે છે.

૯. **શ્રી હરિ ડાઈનિંગ હોલ :** શ્રી દિશા ફાઉન્ડેશન પ્રેરિત આ ભોજનાલય તરફથી દરરોજ ૧૦૦ જેટલા વરિષ્ઠ નાગરિકો ઘેરબેઠાં ટિફિન તેમજ ૬૦૦ જેટલી વ્યક્તિઓ ભોજન અને નાસ્તાની સુવિધાનો લાભ લે છે.

૧૦. **મદનમોહન રમણલાલ હોલ :** ૨૫૦ વ્યક્તિઓની ક્ષમતાવાળા આ હોલને ચાર કલાકના ધોરણે સાઉન્ડ સિસ્ટમ, ખુરશી, એરકન્ડિશન જેવી તમામ સુવિધા સાથે સામાજિક, ધાર્મિક પ્રસંગો માટે આપવામાં આવે છે.

૧૧. મેઘમણી ગ્રૂપના સૌજન્યથી સ્વજનની અંતિમયાત્રા માટે અદ્યતન 'મોક્ષવાહિની'ની સેવા નિઃશુલ્ક ઉપલબ્ધ છે.

૧૨. **સ્વજનના મૃત્યુ પ્રસંગે :** વિદેશ વસતાં સંતાનોની અંતિમ સંસ્કારમાં હાજરીની રાહ જોતા પરિવારો માટે એરકન્ડિશન કોફિનની સેવા ઉપલબ્ધ છે.

૧૩. **વડીલોનાં અસ્થિનું વિસર્જનઃ** ચાણોદ-નર્મદા નદી અથવા હરિદ્વાર-ગંગા નદીમાં વિસર્જન માટે અસ્થિ સ્વીકારવામાં આવે છે.

૧૪. **જન-જનને ભોજન:** દાતાઓના સહયોગથી સેંકડો લાભાર્થીઓને દરરોજ દાળ-ભાત, શાક અને રોટલીનું ભોજન નિઃશુલ્ક પૂરું પાડવામાં આવે છે.

૧૫. મહિલા ઉત્કર્ષ કેન્દ્ર તરફથી સફળ મહિલાઓનાં સન્માન, મહિલાઓમાં જાગૃતિ અને તેમના સશક્તીકરણ માટે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. છેલ્લાં ત્રણ વર્ષથી ૨૦૦૦ + બહેનોને સીવણ, કમ્પ્યૂટરમાં સરકાર માન્ય CCC, ટેલિ, બેકરી, બ્યુટી પાર્લર માટેના બેઝિક અને એડ્વાન્સ લેવલના કોર્સ કરીને સમાજમાં પોતાનું ગમતું અને જરૂરિયાત અનુલક્ષીને કાર્ય કરીને આગળ વધવામાં 'સદ્‌વિચાર પરિવાર' સંસ્થા સહાયભૂત બની રહી છે.

૧૬. ગાંધીનગરના ઉવારસદ ખાતે 'સદ્‌વિચાર પરિવાર' સંચાલિત હીરાલક્ષ્મી ભીખાલાલ બેન્કર દિવ્યાંગ પુનર્વાસ કેન્દ્રમાં ૨૦૦ દિવ્યાંગ બાળકોના શિક્ષણ માટે નિવાસી શાળા આવેલ છે. દિવ્યાંગો માટે તેમની શક્તિનું નિદર્શન થાય તેવા કાર્યક્રમો પણ સાથે યોજવામાં આવે છે.

૧૭. સદ્‌વિચાર પરિવાર મેક એ ડિફરન્સ સંસ્થાના સહયોગથી સવાસો જેટલા અતિગરીબ પરિવારનાં બાળકોને સર્વાંગી વિકાસ માટે અનેકવિધ સુવિધાઓ પૂરી પાડે છે.

૧૮. અમદાવાદના નરોડા ખાતે સદ્‌વિચાર પરિવાર હરગોવનદાસ પ્રભુદાસ આંખની હૉસ્પિટલ આવેલ છે, જેમાં દર્દીનાં મોતિયાનાં અદ્યતન ટોપિકલ પદ્ધતિથી ફેકો મશીન દ્વારા લેન્સ મૂકીને ઓપરેશન ખૂબ જ નજીવા દરે કરવામાં આવે છે.

૧૯. સદ્‌વિચાર પરિવારની મણિનગર વિસ્તારમાં આવેલી શાખામાં ફિઝિયોથેરાપી સેન્ટર આવેલ છે. એલ.જી. હૉસ્પિટલ, મણિનગર ખાતે ખીચડી વિતરણનો સવાર-સાંજ અંદાજે ૩૦૦ વ્યક્તિઓ લાભ લે છે. દરરોજ સાંજે બહારગામના ૨૦ દર્દીઓનાં સગાંઓને ટિફિન સેવા, એલ.જી. હોસ્પિટલમાં દરરોજ સવારે અને સાંજે મફત દવાઓનું વિતરણ કરવામાં આવે છે. ત્યક્તા બહેનોને દર મહિને અનાજ સહાય, બીમાર દર્દીઓ માટેની માવજાતનાં સાધનો, લગભગ ૨૫ પ્રકારનાં ડિપોઝિટ લઈ ઓછા ભાડે, હૉસ્પિટલ બેડ, વ્હીલચેર, ઑક્સિજન કોન્સન્ટ્રેટર, સક્શન મશીન, બાયપેપ તથા સીપેપ સુધીનાં સાધનોની સુવિધા ઉપલબ્ધ છે.

૨૦. **શુભમ્ હૉલ :** સંસ્થાના સહયોગથી બે કલાકની સંપૂર્ણ વૈદિકવિધિ સાથે લગ્ન તેમજ તેના રજિસ્ટ્રેશન અંગેની તમામ કાર્યવાહી કરવામાં આવે છે. 'સદ્‌વિચાર પરિવાર'નાં રામદેવનગર અને નરોડા બંને સેન્ટર ઉપર આ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

૨૧. સદ્‌વિચાર પરિવાર 'પરિણય મેરેજ બ્યૂરો' સાથે રહીને આજના સમયની બદલાતી સ્થિતિ અનુસાર જીવનસાથીની શોધ માટે મેરેજ બ્યૂરોની સુવિધા પણ પૂરી પાડવામાં આવે છે.

૨૨. **ડૉ. કે.આર. શ્રોફ સેવા સદન-સિનિયર સિટીઝન, વડીલો માટે આરોગ્ય વિષયક સેવાઓ:** આ પ્રવૃત્તિ કરતાં સમાજની આજની સ્થિતિ જોતાં અમને અનુભવે જણાયું કે પથારીવશ વડીલો, વિદેશમાં સંતાનો હોય અને તેમનાં માતા-પિતા એકલાં રહેતાં હોય, પોતાના પાત્રનું મૃત્યુ થતાં એકલા અને બીમાર પથારીવશ થતા વડીલો એમ એવા કેટલાય વડીલોની આરોગ્ય વિષયક કાળજી માટેનું સ્થળ એટલે સદ્‌વિચાર પરિવારનું ચાર માળનું 'ડો. કે.આર. શ્રોફ સેવા સદન'. જ્યાં વડીલો અને જરૂરિયાતમંદ વ્યક્તિઓ માટે અદ્યતન ફિઝિયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપી સેન્ટર, ડેન્ટલ ક્લિનિક, ફાર્મસી, લેબોરેટરી સેવાઓ, જે દર્દીઓ ઘરમાં પથારીવશ હોય અથવા હલનચલનમાં મુશ્કેલી અનુભવતા હોય તેમને વિવિધ પ્રકારનાં મેડિકલ સાધનો ખૂબ નજીવા દરે ઘરવપરાશ માટે આપવામાં આવે છે.

૨૩. વરિષ્ઠ નાગરિકો માટે આધુનિક રિહેબિલિટેશન સેન્ટર ૪૦ બેડ્સની ક્ષમતા સાથે ઉપલબ્ધ છે. આંખોના જતન માટે કોમ્યુનિટી આંખની હોસ્પિટલ તેમજ હેલ્થ કેર સહાય માટે તાલીમ કેન્દ્ર, વરિષ્ઠ નાગરિકો માટે મલ્ટિ-સ્પેશિયાલિટી ક્લિનિક, મહિલાઓ માટે મલ્ટિ-સ્પેશિયાલિટી ક્લિનિક, બાળકો માટે ક્લિનિક, જરૂરિયાતમંદ માટે નિઃશુલ્ક અથવા ખૂબ નજીવા દરે દવાખાનું, માનસિક આરોગ્ય ક્લિનિક, કૉન્ફરન્સ હોલ, વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવા માટે જગ્યા 'ડૉ. કે.આર. શ્રોફ સેવા સદન'માં આવેલ છે.

૨૪. દર શુક્રવારે તમામ બહેનો માટે સંપૂર્ણ શારીરિક તપાસ સંબંધિત વિષયોના નિષ્ણાત ડૉક્ટરો દ્વારા કરી આપવામાં આવે છે. આ સાથે બ્રેસ્ટ કેન્સરની પ્રિવેન્શન તપાસ પણ કરવામાં આવે છે. આરોગ્ય સંકુલ મારફત સરેરાશ મહિનાના ૧૧૫૦થી વધુ ઓપીડી દર્દીઓને નિઃશુલ્ક દવા આપવામાં આવે છે.

વિવિધ રોગોના નિષ્ણાત તબીબો દ્વારા નિદાન અને સારવારની સુવિધા ખૂબ જ વાજબીદરે ઉપલબ્ધ છે.

૨૫. **જનરલ ડ્યૂટી આસિસ્ટન્ટ કોર્સઃ** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માન્ય જનરલ ડ્યૂટી આસિસ્ટન્ટ સર્ટિફિકેટ કોર્સમાં નિઃશુલ્ક રીતે અમારા અનુભવી ડૉક્ટરો તથા ટ્રેઈનરો દ્વારા વર્ગશિક્ષણ તથા પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે. ત્રણ મહિનાની તાલીમ બાદ પેઈડ ઇન્ટર્નશિપની જોગવાઈ તેમજ રોજગાર મેળવવામાં પણ સહાય આપવામાં આવે છે.

૨૬. 'સદ્‌વિચાર પરિવાર' સંચાલિત ચીનુભાઈ આર. શાહ કમ્પ્યૂટર એન્ડ લેંગ્વેજ એકેડેમીમાં ભારતીય અને વિદેશી ભાષા શિખવાડવામાં આવે છે, જેવી કે ગુજરાતી, સંસ્કૃત, સ્પેનિશ, અંગ્રેજી, ઇટાલિયન, ફ્રેન્ચ, જર્મન, રશિયન વગેરેના તાલીમવર્ગો માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમ થકી અનુભવી ફેકલ્ટી દ્વારા શિખવાડવામાં આવશે, જેનો તમે લાભ લઈ શકશો.

૨૭. 'સદ્‌વિચાર પરિવાર'ના પ્રાંગણમાં સોમવારથી શનિવાર દરરોજ સાંજના છ થી સાત વાગ્યા દરમિયાન ભાઈઓ અને બહેનો માટે યોગના વર્ગો નિયમિત રીતે ચાલે છે, જેમાં આપ સૌ લાભ લઈ શકશો.

૨૮. હોમ હેલ્થ કેર વાન સર્વિસની વ્યવસ્થા ઉપલબ્ધ છે, જેમાં જે વડીલો હૉસ્પિટલ આવી શકતા ન હોય અથવા ઘરેથી સારવાર મેળવવી હોય તેવા વડીલો માટે પ્રાથમિક આરોગ્ય તપાસ અને કાળજી પૂરી પાડી શકાય તેવા શુભાશયથી હોમ હેલ્થ કેર વાનની સેવા ઉપલબ્ધ છે.

૨૯. તેજસ્વી-જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ પૂર્ણ કરવા માટે યોગ્ય રકમ લોન સહાય તરીકે આપવા માટે દક્ષાબહેન પંકજભાઈ શાહ એજ્યુકેશન ફંડ (શિક્ષણનિધિ)માંથી આપવામાં આવે છે.

૩૦. જે દાતાશ્રીઓ દ્વારા સ્વજનની સ્મૃતિમાં રૂપિયા એક લાખ કે તેથી વધારે રકમનું દાન આપવામાં આવશે તેમની ઈચ્છા મુજબ મુખ્ય કચેરીની તકતીમાં નામ, 'સદ્‌વિચાર પરિવાર'નું આજીવન સભ્યપદ આપવામાં આવશે. 'સુવિચાર' ના ગ્રાહકોનો મોકલવામાં આવેલા લવાજમ માટે નામ સાથે આભાર પ્રગટ કરવામાં આવશે.

૩૧. સદ્‌વિચાર પરિવારના ઉવારસદ ખાતે આવેલ શ્રીમતી સવિતાબહેન હસમુખલાલ કૌશલ્ય નિર્માણ કેન્દ્રમાં કુલ સાત કોર્સ, જેવા કે ૧. બ્યુટી પાર્લર, ૨. બેકરી, ૩. ઈલેક્ટ્રિક વાયરિંગ, ૪. રેફ્રિજરેટર, ૫. કમ્પ્યૂટરમાં CCC અને ટેલિ, ૬. ઈન્સ્ટ્રિયલ સીવણ, ૭.કન્ઝ્યુમર સર્વિસ અને રિટેલિંગનો કોર્સ ગાંધીનગર અને આસપાસના વિદ્યાર્થીઓ-બહેનો માટે ખૂબ જ નજીવા દરે પોતાની સ્કિલને ડેવલપ કરવા માટેની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

૩૨. સદ્‌વિચાર પરિવાર સેટેલાઈટ ખાતે રેડ ક્રોસના સહયોગથી પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર સાથે પેથોલોજી લેબોરેટરીની સેવા રાહતદરે ઉપલબ્ધ છે, જેના થકી વિવિધ પ્રકારના રિપોર્ટસની સુવિધા અત્યાધુનિક ઈક્વિપમેન્ટ દ્વારા અને નિષ્ણાત તથા ટેક્નિકલ સ્ટાફ દ્વારા ઉપલબ્ધ છે, સાથે સ્ટોરમાં ૨૧૦૦ કરતાં વધુ જેનરિક દવાઓ તથા ૧૫૦થી વધુ સર્જિકલ ઉપકરણો બજારભાવ કરતાં અંદાજે ૫૦ થી ૯૦% કરતાં ખૂબ સસ્તા ભાવમાં સર્વે નાગરિકો માટે ઉપલબ્ધ છે.

આ વિવિધ સેવાઓનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે એ ઉદ્દેશ સાથે આ સેવાની ધૂણી જેમણે પ્રજ્વલિત કરી છે એવા ‘સદ્‌વિચાર પરિવાર’ના સ્થાપક સ્વ. શ્રી હરિભાઈ પંચાલની મૂલ્યનિષ્ઠ વિચારધારા ઉપર અવલંબિત સંસ્થાના સમગ્ર ટ્રસ્ટીગણશ્રીઓ પૂરી નિષ્ઠા અને સમર્પણ સાથે કાર્યરત છે.

અમારી સેવાઓ અંગે વધુ માહિતી માટે

તમે અમારો સંપર્ક E-mail: sdparivar.org@gmail.com અને આરોગ્યલક્ષી સેવાઓની માહિતી માટે અમારા સેવા સદનના હેલ્પલાઈન નંબરઃ ૯૮૯૮૩૭૭૭૦૦ ઉપર સંપર્ક કરી શકશો.

વધુ માહિતી માટે અમારી Website: www.sadvicharparivar.orgની મુલાકાત પણ લેતા રહેશો.

આ પુસ્તક આપ સૌને ઉપયોગી થઈ શકે એ ભાવના સાથે ‘સદ્‌વિચાર પરિવાર’ની સ્થાપનાના ૬૦મા વર્ષની ઉજવણી એવા ષષ્ટી પર્વના ભાગરૂપે પુસ્તકમાં રહેલા વિચારભાવને અમે આપની સમક્ષ આ પુસ્તકરૂપે કરી રહ્યા છીએ.

# સદ્વિચાર પરિવાર

| ક્રમ | વિગત | ક્રમ | યોજનાનું નામ | દૈનિક/ માસિક | દાનની રૂ.જરૂરિયાત | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | અન્નદાન મહાદાન | ૧ | સંત પુનિત ખીચડી પ્રસાદ | દૈનિક | ૧૫૦૦/- | ૧૨૫ |
| ૨ | | ૨ | જન-જનને ભોજન | દૈનિક | ૪૫૦૦/- | ૧૫૦ |
| ૩ | | ૩ | જરૂરિયાતમંદ પરિવારોને રાશન યોજના | માસિક | ૩૫૦૦/- | ૪૦ |
| ૪ | | ૪ | ઉંવારસદ દિવ્યાંગ બાળકો માટે સાદું ભોજન | એક ટંકના | ૧૦,૦૦૦/- | ૯૫ |
| ૫ | | ૫ | ઉંવારસદ દિવ્યાંગ બાળકો માટે મિષ્ટાન્ન સાથે ભોજન | એક ટંકના | ૧૨,૦૦૦/- | ૯૫ |
| ૬ | | ૬ | ઉંવારસદ દિવ્યાંગ બાળકો માટે સવારનો ચા-નાસ્તો | એક ટંકના | ૩૦૦૦/- | ૯૫ |
| ૭ | | ૭ | ઉંવારસદ દિવ્યાંગ બાળકો માટે બપોરનો નાસ્તો | એક ટંકના | ૨૦૦૦/- | ૯૫ |
| ૮ | | ૮ | રીડિંગરૂમના વિદ્યાર્થીઓ માટે ભોજન સહાય | એક ટંકના | ૭૦/- | ૧૧૦ |
| ૯ | વિદ્યાભ્યાસ | ૧ | વિદ્યાર્થીઓ માટે ગણવેશ (એક વિદ્યાર્થી માટે) | બે જોડ | ૧૦૦૦/- | ૯૫ |
| ૧૦ | | ૨ | નોટબુક - સ્ટેશનરી | વિદ્યાર્થીદીઠ | ૫૦૦/- | ૯૫ |
| ૧૧ | | ૩ | દફતર | વિદ્યાર્થીદીઠ | ૩૦૦/- | ૯૫ |
| ૧૨ | | ૪ | દિવ્યાંગ વિદ્યાર્થી માટે ટ્રાઈસિકલ | વિદ્યાર્થીદીઠ | ૧૧,૦૦૦/- | ૯૫ |
| ૧૩ | | ૫ | દિવ્યાંગ વિદ્યાર્થીઓને રમત-ગમત અને સંગીતનાં સાધનો (લિસ્ટ કચેરીમાંથી મળશે) | | ૨૦૦૦થી ૧૦,૦૦૦/- | ૯૫ |
| ૧૪ | | ૬ | કમ્પ્યૂટર સહાય | | ૩૫,૦૦૦/- | |
| ૧૫ | ગૌશાળા | ૧ | ગૌશાળાની એક ગાય દત્તક | | ૩૧,૦૦૦/- | |
| ૧૬ | | ૨ | એક દિવસનો ઘાસચારો | દૈનિક | ૧૧૦૦/- | |
| ૧૭ | કૉમ્યુનિટી હૉલ | ૧ | ચાર કલાકના ભાડા સાથે એ.સી., ખુરશી, માઈક સ્પીકર સાથે સગવડ | | ૨૦,૦૦૦/- | ૧૫૦ |
| ૧૮ | સેવા સદન | ૧ | વડીલ માવજત કેન્દ્ર અંતર્ગત ૪૦ બેડની વ્યવસ્થા સાથે માટેની રહેવાની તથા મેડિકલ સુવિધા | દૈનિક | ૫૫૦/- | ૪૦ |
| ૧૯ | | ૨ | વડીલો માટે ભોજન | એક ટંકના | ૯૦/- | |

## અનુક્રમણિકા


| ક્રમ | શીર્ષક | પાના નંબર |
|---|---|---|
| ૧. | ફરિયાદને બદલે આભારની દષ્ટિથી જોઈએ ! | ૧ |
| ૨. | આખો દિવસ ઈશ્વર કરે છે શું ? | ૨ |
| ૩. | તો વાનરની આખી જાતિ બદનામ થશે! | ૪ |
| ૪. | જિંદગીમાં કહેવાની રીત અલગ હોય છે ખરી ! | ૫ |
| ૫. | ઝડપભેર દોડવાથી કશું વળતું નથી ! | ૬ |
| ૬. | આત્મવિશ્વાસ પાસે સુખ-દુઃખની ચાવી છે ! | ૮ |
| ૭. | જીવનમાં બે કપ ચાની જગા તો જોઈએ જ ! | ૯ |
| ૮. | બાળકો સાથે રમીને તમારો બહુમૂલ્ય સમય વેડફો છો ? | ૧૧ |
| ૯. | સારા-ખોટાની કસોટી પ્રકાશમાં જ થાય ! | ૧૩ |
| ૧૦. | સંકટના સમયે જ્ઞાન ઉચિત-અનુચિતનો બોધ કરાવે છે ! | ૧૫ |
| ૧૧. | આ મેલી ચાદરને ઊજળા રંગે રંગી લાવ ! | ૧૭ |
| ૧૨. | જ્ઞાની પુરુષ સ્વયં પર શાસન કરે છે. | ૧૮ |
| ૧૩. | માળા હાથમાં લેતાં આખી દુનિયા મનમાં આવે છે ! | ૨૦ |
| ૧૪. | પોતાનો અસલી ચહેરો કોને પસંદ છે ? | ૨૧ |
| ૧૫. | ઓછું કામ કરી વધુ વેતન લઈ શકું નહીં ! | ૨૩ |
| ૧૬. | મને સસલાની આંખમાં ઈશ્વર દેખાય છે ! | ૨૪ |
| ૧૭. | શિખર પર પહોંચ્યા પછી અતિ આત્મવિશ્વાસનો શિકાર બની જાય છે | ૨૬ |
| ૧૮. | પાપનું મૂળ કારણ તો આ છે ! | ૨૭ |
| ૧૯. | અહંકાર જ્ઞાન અને કલાને સ્વયંમાં ડુબાડી દેશે | ૨૯ |
| ૨૦. | સુવર્ણમુદ્રાથી સુખ-સમૃદ્ધિ નહીં મળે ! | ૩૧ |
| ૨૧. | ઊંચાઈ નહીં, કિંતુ ઉપયોગિતા મહત્ત્વની છે | ૩૩ |
| ૨૨. | તમારી કઈ જાત છે, તે જાણો છો ? | ૩૪ |
| ૨૩. | શ્રીકૃષ્ણને જોવા માટે આંખો શાને બંધ કરું ? | ૩૬ |
| ૨૪. | ઊંઘમાં કેટલી વાર પડખું ફેરવો છો ? | ૩૮ |
| ૨૫. | ધર્મોપદેશ આપવાને બદલે દુષ્કાળ-રાહતની વાત? | ૩૯ |

# ૧. ફરિયાદને બદલે આભારની દૃષ્ટિથી જોઈએ !

એક મંદિરમાં પથ્થરનો ઓરસિયો અને સુખડનો ટુકડો સાથે રહેતા હતા. મંદિરનો પૂજારી વહેલી સવારે ઊઠીને સુખડનો ટુકડો લઈને એને ઓરસિયા પર ઘસે અને પછી સુખડ-ચંદનનાં કચોળાં ભરે. એનાથી ભગવાનની પૂજા થાય. એમના લલાટે તિલક થાય.

આમ છતાં સુખડ રોજ ફરિયાદ કરે, 'અરે ઓરસિયા ! તારે તો કેવી લીલાલહેર છે ! લોકો અમને રોજે રોજ ઘસી નાખે છે. તને કંઈ એવું કરે છે ખરા ?'

સુખડ સતત પોતાનાં દુઃખનાં ગાણાં ગાયાં કરે અને મનોમન વિચારે કે આવતા ભવે મારે ઓરસિયો બનવું છે. એમાં તો કેટલી મજા !

સમય જતાં સુખડનો ટુકડો ઘસાઈ ગયો અને ઓરસિયો એનો એ જ રહ્યો. પછી તો પૂજારીએ સુખડ જલદી ઘસી શકાય એ માટે ઘંટી ટાંકનાર પાસે ઓરસિયો ટંકાવ્યો. ત્યારબાદ જેટલાં ચંદન આવે, એટલાં જલદીથી ઘસાઈ જાય અને ચંદન ઘસાતાં જાય તેમ ભારે ફરિયાદ કરે. એમને ઓરસિયાનો ભારે દ્વેષ થાય.

ચંદનની રોજની ફરિયાદથી કંટાળીને પૂજારીએ એને કહ્યું, 'તું ઓરસિયાની અવગણના કરવાનું રહેવા દે. એના વિના તારી સુગંધ તું પ્રગટ કરી શકીશ નહીં.'

'પણ મારે તો આખી જાત ઘસવી પડે છે અને ઓરસિયો તો આનંદમાં રહે છે.'

પૂજારીએ કહ્યું, 'સાંભળ, જો આ ઓરસિયો ના હોય, તો તારી કશી કિંમત નથી. લોકો તને ચૂલામાં નાખતા હોત અથવા તો રસ્તા પર ફેંકી દેતા હોત. કારણ કે ચંદનથી ચંદન ઘસાય નહીં. માટે પાડ માન ઓરસિયાનો કે તું એના પર ઘસાયું અને પ્રભુ અને પ્રજાના કપાળનું તિલક બન્યું.'

એ દિવસથી સુખડ શાંત થઈ ગયું. એની કચકચ બંધ થઈ ગઈ અને ઓરસિયા પ્રતિ આભારની દૃષ્ટિએ જોવા લાગ્યું.

# ૨. આખો દિવસ ઈશ્વર કરે છે શું ?

પ્રતિદિન સર્વત્ર ઈશ્વરનું મહિમાગાન સાંભળીને અકળાયેલા રાજાએ દર્શનશાસ્ત્રના પંડિતને બોલાવીને કહ્યું, 'તમે મારા ત્રણ પ્રશ્નોનો તત્કાળ ઉત્તર શોધી આપો. ઊંડો વિચાર કરવા છતાં હું આ પ્રશ્નોનો કોઈ તાગ મેળવી શક્યો નથી. મારો પહેલો સવાલ એ છે કે ઈશ્વર ક્યાં છે ? બીજો સવાલ છે કે હું એને કેમ નજરોનજર જોઈ શકતો નથી ? અને ત્રીજો સવાલ એ છે કે એ આખો દિવસ શું કરે છે ?'

દર્શનશાસ્ત્રના પંડિત વિચારમાં ડૂબી ગયા. એમણે ધર્મગ્રંથોનું ઘણું વાચન કર્યું હતું, ધર્મસિદ્ધાંતોની ઊંડી જાણકારી હતી, પરંતુ કોઈએ એમને આવા પ્રશ્નો કર્યા નહોતા. આ દર્શનશાસ્ત્રી એક સંતના પરિચયમાં આવ્યા હતા અને તેથી એમણે રાજાને કહ્યું કે આવા ગહન પ્રશ્નોનો ઉત્તર આપવાનું મારું ગજું નથી. રાજ્યના સીમાડે ઝૂંપડીમાં ઈશ્વરભક્તિ કરતા સંત કદાચ આ પ્રશ્નોના ઉત્તર આપી શકે.

જિજ્ઞાસુ રાજાએ સંતને સન્માનસહિત બોલાવ્યા અને એમની સમક્ષ પોતાના મનની ત્રણ સમસ્યાઓ રજૂ કરી. સંતે કહ્યું, 'એક છાશ ભરેલો મોટો વાટકો લાવો. એને બરાબર ઝેરીને એમાંથી માખણ બહાર કાઢો.'

રાજસેવકોએ છાશમાંથી માખણ કાઢ્યું. એટલે સંતે રાજાને પૂછ્યું, 'રાજન્, આ છાશ ઝેરતાં પહેલાં આ માખણ ક્યાં રહેતું હતું ?'

રાજાએ કહ્યું, 'છાશમાં.' એટલે સંતે વળી સવાલ કર્યો. 'છાશના કયા ખૂણામાં એ રહેતું હતું.' રાજાએ કહ્યું. 'બધે.'

સંતે ઉત્તર આપતાં કહ્યું, 'આ જ રીતે ઈશ્વર સર્વત્ર વ્યાપ્ત છે. બધે જ છે.'

'જો આવું હોય તો એ નજરોનજર દેખાતો કેમ નથી ?'

સંતે ઉત્તર આપ્યો, 'જો તમે સાચી ભક્તિ કરો તો એ જરૂર તમને દેખાય. એને માટે ધ્યાન ધરવું પડે.'

રાજાએ કહ્યું, 'મારે તો રાજનો મોટો કારભાર સંભાળવો પડે છે. આખો દિવસ એક કે બીજા કામમાં ડૂબેલો રહું છું, પણ આ ઈશ્વર આખો દિવસ શું કરે છે?'

સંતે કહ્યું, 'મહારાજ, આનો ઉત્તર આપવા માટે આપણે સ્થાન-બદલો કરવો પડશે. તમારે સામે બેસવું પડશે અને હું સિંહાસન પર બેસીશ.'

રાજા સિંહાસન પરથી ઊઠીને સામે બેઠા અને સંત સિંહાસન પર બેઠા અને બોલ્યા, 'એક ક્ષણ પહેલાં તમે અહીંયાં હતા અને હું ત્યાં હતો, ખરુંને? આજે તમે ત્યાં છો અને હું અહીંયાં છું. ઈશ્વર આ જ કામ કરે છે. એ આપણને ઉઠાડે છે અને બેસાડે છે. કર્મ પ્રમાણે એક જન્મમાં આપણને ઉચ્ચ પદે પ્રતિષ્ઠિત કરે છે અને બીજા જન્મમાં કર્મ પ્રમાણે નીચું સ્થાન આપે છે. ક્યારેક તો એ વ્યક્તિના એક જ જન્મમાં સ્થિતિનું પરિવર્તન સાધતો હોય છે, આ છે એનું કામ.'

સંતના ઉત્તરથી રાજા પ્રસન્ન થયા અને ઈશ્વરની સાચી શોધ માટે પ્રયત્ન કરવા લાગ્યા.

# ૩. તો વાનરની આખી જાતિ બદનામ થશે!

જંગલમાંથી પસાર થતા માણસનો ખૂંખાર વાઘે પીછો કર્યો.એ માણસ જીવ લઈને ભાગ્યો અને ઝડપથી એક વૃક્ષ પર ચડી ગયો.

એણે જોયું તો વૃક્ષ ઉપર એક વાનર બેઠો હતો. વાઘ વૃક્ષની પાસે આવ્યો અને વૃક્ષની નીચે બેસીને પોતાના શિકારની રાહ જોવા લાગ્યો.

એવામાં અંધારાના ઓળા ઊતર્યા અને માણસને બીક લાગી કે રાત્રે જો ઊંઘ આવી જાય અને વૃક્ષ પરથી એ નીચે પડે, તો વાઘ એમને ખાઈ જશે. આથી માનવ અને વાનરે પરસ્પર સમજૂતી કરી કે બંનેમાંથી એક જાગે અને બીજો સૂએ.

મધ્યરાત્રીનો સમય થયો. માણસ નિરાંતે ઊંઘતો હતો અને વાનર જાગતો હતો. આ સમયે વાઘે એને કહ્યું, 'અરે, તું ડાળી હલાવીને પેલા ઊંઘતા માણસને નીચે ફેંક, તો હું એને ખાઈને ચાલ્યો જઈશ અને તું જીવતદાન પામીશ.'

વાઘની વાત સાંભળીને વાનરે કહ્યું, 'આવો વિશ્વાસઘાત કરવા માટે હું સહેજે તૈયાર નથી. માફ કરજો.'

થોડા સમય પછી વાનર સૂઈ ગયો અને સમજૂતી અનુસાર માણસ જાગીને રક્ષણ કરવા લાગ્યો.

વાઘે ફરી માનવને એ જ વાત કરી કે, 'તું વાનરને નીચે ફેંક, તો હું એને આરોગીને બીજે ચાલ્યો જઈશ. તને જીવનદાન આપીશ.'

માણસને થયું કે આ તો બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે. એટલે એણે ઊંઘતા વાનરને ધક્કો માર્યો, પરંતુ ભાગ્યયોગે વાનર નીચેની ગાઢ ડાળીઓમાં ફસાઈ ગયો અને જમીન પર પડ્યો નહીં.

માનવના આવા વિશ્વાસઘાતને જોઈને વાનરને પારાવાર દુઃખ થયું અને એણે કહ્યું, 'ભાઈ, તારો દુષ્ટ ઈરાદો હું પારખી ગયો છું. બીજું કંઈ નહીં, પણ હવે એટલું જ કહું છું કે તું ભૂલથી પણ કોઈને એમ ન કહીશ કે તમે વાનરના વંશજ છો, કારણ કે એનાથી મારી આખી વાનરજાતિ બદનામ થશે.'

# ૪. જિંદગીમાં કહેવાની રીત અલગ હોય છે ખરી !

સ્વપ્નની વિચિત્રતાઓનો ક્યાં કોઈ પાર હોય છે ! શહેનશાહ અકબરને એક એવું વિચિત્ર સ્વપ્ન આવ્યું કે એમના ઘઉંના ખેતરમાં એક ગાય પેસી જાય છે અને આમતેમ માથું મારીને ઘઉંનાં ડૂંડાં તોડી નાખે છે. આખો પાક રફેદફે કરી નાખે છે. માત્ર એક જ ઘઉંના છોડને એ એમ ને એમ રહેવા દે છે અને એની બાજુમાંથી પસાર થઈ જાય છે.

આવું વિચિત્ર સ્વપ્ન જોઈને પરેશાન બાદશાહે પંડિતો અને મૌલવીઓને બોલાવ્યા અને આ સ્વપ્નનો અર્થ પૂછ્યો. કોઈએ તિથિની ગણના કરી, કોઈએ ગ્રહોની સ્થિતિ જોઈ, કોઈએ તારા, તો કોઈએ ચાંદનો વિચાર કર્યો. એ પછી બધા એક તારણ પર આવ્યા અને એમણે બાદશાહને કહ્યું કે તમારા પરિવારમાં તમારા સિવાય તમામ લોકોનું મૃત્યુ થશે, તેનો આ સંકેત છે.

આવી ભવિષ્યવાણી સાંભળીને બાદશાહ અતિ કોપાયમાન થયો. એમણે તરત બીરબલને બોલાવીને રાત્રે આવેલા અશુભ સ્વપ્નની ઘટના કહી.

આ સાંભળીને બીરબલ ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો, ‘બાદશાહ સલામત, અલ્લાહ આપને રોજ આવું સ્વપ્ન આપે. આપના પર એ કેટલો બધો મહેરબાન છે !’

બાદશાહને થયું કે બીરબલ એમની મશ્કરી કરે છે એટલે બોલ્યા, ‘બીરબલ, દરેક વખતે મજાક સારી નહીં. થોડી ગંભીરતા રાખ.’

‘જહાંપનાહ, હું મજાક નથી કરતો, પણ હકીકત કહું છું. આ અતિ સુંદર સ્વપ્નનો અર્થ એ છે કે આપ દીર્ઘાયુષ ભોગવશો. તમારા આખાય ખાનદાનમાં બીજા કોઈનું આયુષ્ય આપના જેટલું આટલું લાંબું નહીં હોય.’

બીરબલનો ઉત્તર સાંભળીને બાદશાહ ખુશ થયા. નારાજ પંડિતો અને મૌલવીઓ બીરબલ પર અકળાયા, ત્યારે એણે કહ્યું,

‘તમે કહ્યું છે એ જ મેં કહ્યું છે. જિંદગીમાં જોવાની રીત અલગ હોય છે. એ કહેવાની રીત પણ અલગ હોય છે. જો અશુભ વાતોને પણ યોગ્ય રીતે કહેવામાં આવે, તો તે શુભ લાગે છે.’

# ૫. ઝડપભેર દોડવાથી કશું વળતું નથી !

નદીના કિનારે બેઠેલા એક અનુભવી વૃદ્ધને ભિક્ષુએ સવાલ કર્યો, 'ભાઈ, અહીંથી નગર કેટલું દૂર છે ? મારે ઝડપથી નગરમાં પહોંચવું છે. મેં સાંભળ્યું છે કે સૂર્યાસ્ત સમયે એના દરવાજા બંધ થઈ જાય છે. તે પહેલાં હું પહોંચી શકીશ ખરો ?'

અનુભવી વૃદ્ધે કહ્યું, 'જો ધીરે ચાલશો, તો જરૂર પહોંચી શકશો.'

ભિક્ષુને પરમ આશ્ચર્ય થયું. અનુભવી વૃદ્ધે ઝડપથી ચાલવાને બદલે ધીરેથી ચાલવાનું કેમ કહ્યું? એને થયું કે આ વૃદ્ધ ઉંમર વધતાં પાગલ થઈ ગયો લાગે છે. એણે કહેવું જોઈએ કે તમે ખૂબ જલદી જાવ, તો પહોંચી જશો. એને બદલે સાવ વિપરીત વાત કરી. પરિણામે ભિક્ષુ ખૂબ ઝડપથી નગર તરફ દોડવા લાગ્યા. રસ્તા પર ઘણા ખાડા હતા, તીક્ષ્ણ પથ્થરો અને પગમાં ખૂંચી જાય તેવા કાંકરા હતા, ક્યાંક શૂળ અને કાંટા પણ હતા.

રસ્તા પર દોડતાં ભિક્ષુના પગમાં પથ્થરની તીક્ષ્ણ અણી પેસી ગઈ, લોહી નીકળવા લાગ્યું. એને બેસી જવું પડ્યું. સૂર્યાસ્ત થવાની વેળા આવી, ત્યારે ભિક્ષુ નગરદ્વારથી ઘણે દૂર હતા.

એવામાં એમણે જોયું તો એક વ્યક્તિ એમની નજીકથી હસતાં હસતાં પસાર થતી હતી. ભિક્ષુને થયું કે પોતે આટલા બધા પરેશાન છે. ખૂબ ઝડપથી દોડવા છતાં સૂર્યાસ્ત પૂર્વે નગરમાં પ્રવેશી શક્યા નહીં અને આ માણસ આશ્વાસન આપવાને બદલે મારી મજાક કરે છે.

ભિક્ષુએ નારાજગી પ્રગટ કરતાં હસવાનું કારણ પૂછ્યું, તો એ વ્યક્તિએ કહ્યું, 'આજે તમારી જે હાલત થઈ, તેવી જ મારી હાલત થઈ હતી. મારી માફક તમે પણ નદીકિનારે વસતા અનુભવી વૃદ્ધની વાતને બરાબર સમજી શક્યા નહીં. એણે તમને 'ધીમે ચાલજો' એમ કહ્યું હશે, ત્યારે તમને એની વાતમાં વિશ્વાસ નહીં બેઠો હોય.'

ભિક્ષુએ કહ્યું, 'તમારી વાત સાવ સાચી છે. મને એવું જ લાગ્યું.'

'હકીકતમાં એ અનુભવી વૃદ્ધ એમ કહેવા માગતા હતા કે રસ્તા ઘણા ખાડ-ખરબચડાવાળા છે. જો તમે ધીમેથી સંભાળીને ચાલશો, તો કદાચ પહોંચી જશો. પણ બને છે એવું કે શરૂઆતમાં જ લોકો ખૂબ ઝડપથી દોડવા જતાં પડી જાય છે અને પછી એમની ગતિ ધીમી થઈ જાય છે કે થંભી જાય છે.'

ભિક્ષુએ કહ્યું, 'હવે વાત સમજ્યો. ઝડપભેર દોડવું એ જ પૂરતું નથી. સમજી, વિચારી, સંભાળીને ચાલવું એ વિશેષ કારગત નીવડે છે.'

# ૬. આત્મવિશ્વાસ પાસે સુખ-દુઃખની ચાવી છે !

ગુરુના આશ્રમમાં વસતા બે શિષ્યો સમાન કાર્ય કરતા હતા. એકસરખો સમય ઈશ્વરસાધના અને વિદ્યાભ્યાસમાં આપતા હતા. ગુરુસેવા અને આશ્રમનું કાર્ય કરવા માટે સમાન સમય આપતા હતા. આમ છતાં એક શિષ્ય અતિ પ્રસન્ન રહેતો હતો અને બીજાના ચહેરા પર હંમેશાં દુઃખની છાયા છવાયેલી જોવા મળતી.

સમય જતાં એવું બન્યું કે બંને શિષ્યોના નામને બદલે એ 'સુખી' અને 'દુઃખી'ના નામથી ઓળખાવા લાગ્યા. એક હંમેશાં પ્રસન્નતાપૂર્વક જીવતો હોય અને બીજો દુઃખના દરિયામાં ડૂબેલો હોય.

ગુરુ અને અન્ય આશ્રમવાસીઓ દુઃખી શિષ્ય કરતાં સુખી શિષ્ય પાસે જવું વધુ પસંદ કરતા અને સુખી શિષ્ય એમણે સોંપેલું કામ હોંશે હોંશે કરી આપતો.

આવી પરિસ્થિતિથી નારાજ થઈને અકળાયેલા દુઃખી શિષ્યે એક વાર ગુરુને ફરિયાદ કરી અને કહ્યું,

'અમારા બંનેની સઘળી બાબતો સમાન છે, તેમ છતાં પેલો શિષ્ય કેમ સુખી લાગે છે અને હું કેમ દુઃખી ગણાઉં છું ?'

ગુરુએ હસતાં હસતાં ઉત્તર આપ્યો, 'હા, મારા પ્રિય દુઃખી શિષ્ય, વ્યક્તિ એક જ સરખું કામ કરે, તેમ છતાં એમનામાં સુખ અને દુઃખના ભાવ અલગ અલગ હોય છે. એની પાછળનું કારણ એ છે કે અન્ય શિષ્ય પર દુઃખ કે આફત આવે, તોપણ એને આત્મવિશ્વાસ હોય છે કે એ જરૂર એ આફતને પાર કરીને સફળતા મેળવશે. એનું મન પ્રસન્ન રહે છે, કારણ કે એ જાણે છે કે એની આંતરિકશક્તિ આગળ કોઈ પણ ગંભીર સમસ્યા કે મોટું દુઃખ લાંબો સમય ટકી શકશે નહીં. પરિણામે એ પ્રસન્ન રહે છે. જ્યારે તું આપત્તિ આવતાં દ્વિધામાં પડી જાય છે. આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે. કામ કરે છે, પરંતુ મનમાં એમ માને છે કે આમાં તું નિષ્ફળ જવાનો છે. આને કારણે તું દુઃખી રહે છે. મજબૂત આત્મવિશ્વાસ એ જ વ્યક્તિને પ્રત્યેક પરિસ્થિતિમાં સુખી રાખી શકે છે.'

# ૭. જીવનમાં બે કપ ચાની જગા તો જોઈએ જ !

દર્શનશાસ્ત્રના અધ્યાપકે કાચનો એક મોટો જાર ટેબલ પર મૂક્યો. એમાં એક પછી એક ટેનિસના દડા નાખવા લાગ્યા. કાચનો મોટો જાર ટેનિસના દડાથી ભરાઈ જતાં એમણે વિદ્યાર્થીઓને પૂછ્યું, 'બરાબર ને! આ કાચનો મોટો જાર પૂરેપૂરો ભરાઈ ગયો ને?'

વિદ્યાર્થીઓએ હા પાડી એટલે અધ્યાપકે એમાં નાના નાના કાંકરા નાખવા શરૂ કર્યા અને પછી જારને હલાવ્યો, તો નાના નાના કાંકરા જારમાં રહેલી ખાલી જગામાં સમાઈ ગયા. અધ્યાપકે વિદ્યાર્થીઓને પૂછ્યું, 'હવે તો જાર પૂરેપૂરો ભરાઈ ગયો ને?'

વિદ્યાર્થીઓ એમની વાતમાં સંમત થયા એટલે અધ્યાપકે ધીરે ધીરે એમાં ઝીણી રેતી નાખવી શરૂ કરી અને રેતી જ્યાં જગા ખાલી હતી, ત્યાં ભરાઈ ગઈ. વિદ્યાર્થીઓને કુતૂહલ જાગ્યું કે હવે અધ્યાપક એમાં શું નાખશે? કારણ કે કાચના જારમાં હવે તો કોઈ જગા રહી નહોતી.

અધ્યાપકે પોતાની પાસે રહેલું થર્મોસ કાઢીને એમાંથી બે કપ ચા જારમાં નાખી અને જારમાં રહેલી રેતીને કારણે ચા ચુસાઈ ગઈ.

વિદ્યાર્થીઓને આનો મર્મ કહેતાં દર્શનશાસ્ત્રના અધ્યાપકે કહ્યું, 'આપણું જીવન કાચના જાર જેવું છે. ટેબલ ટેનિસના દડા તે સૌથી મહત્ત્વપૂર્ણ ભાગ છે, જેમાં શિક્ષણ, પરિવાર, મિત્ર, સ્વાસ્થ્ય અને ચારિત્ર્યનો સમાવેશ થાય છે. નાના નાના કાંકરા તે આપણી નોકરી, મકાન અને જીવવા માટેનો જરૂરી સામાન છે અને ઝીણી રેતીનો અર્થ છે નાની નાની વાતોમાં મનદુઃખ, ઝઘડા વગેરે. હવે જો આપણે આ જારને ઝીણી રેતીથી જ ભરી દીધો હોત, તો ટેબલ-ટેનિસના દડા અને કાંકરા માટે કોઈ જગા રહેત નહીં. જો માત્ર કાંકરાથી ભરી દીધો હોત તો દડાથી ભરી શકાત નહીં, હા, એટલું થાત કે એમાં ઝીણી રેતી રહી શકી હોત. આમ આપણે જો નાની

નાની વાતોથી આપણા જીવનને ભરતા રહીશું, તો એ આપણી સઘળી ઊર્જા કે શક્તિને નષ્ટ કરી દેશે. આપણી પાસે મુખ્ય બાબતો માટે અધિક સમય નહીં રહે, ખરું ને !'

એવામાં એક નટખટ વિદ્યાર્થીએ પૂછ્યું, 'પણ સાહેબ, ચાના બે પ્યાલા જારમાં રેડ્યા શા માટે?'

દર્શનશાસ્ત્રના અધ્યાપકે હસતાં હસતાં કહ્યું, 'આપણું જીવન ગમે તેટલું સુખી અને સંતુષ્ટ હોય, તો પણ એમાં મિત્રોની સાથે બે કપ ચા પીવાની જગા તો હોવી જ જોઈએ.'

# ૮. બાળકો સાથે રમીને તમારો બહુમૂલ્ય સમય વેડફો છો?

બાળકો સાથે રમત ખેલતી વખતે 'પંચતંત્ર'ના રચયિતા પંડિત વિષ્ણુ શર્મા બાળક જેવા બની જતા. એમની સાથે કેટલીય જુદી જુદી રમતો રમતા અને આ રમત ખેલતી વખતે અપાર આનંદમાં એવા તો ડૂબી જતા કે પોતાના જીવનની સઘળી પીડા અને સમસ્યાઓ વીસરી જતા.

એક વાર વિષ્ણુ શર્માને એમનો પરમ મિત્ર મળવા માટે આવ્યો. આ સમયે પંડિતજી તો બાળકો સાથે રમત ખેલવામાં રમમાણ હતા. એમની સાથે કૂદે, એમની સાથે ગાય અને એમની સાથે વાતો કરે. પંડિતજીના મિત્રે નાપસંદગી દર્શાવતાં અકળાઈને પંડિતજીને કહ્યું,

'તમારા જેવા મહાન વિદ્વાન બાળકો સાથે જાણે બાળક હોય તેમ વર્તે એ જોઈને મને પરમ આશ્ચર્ય અને આઘાત થાય છે.'

વિષ્ણુ શર્માએ કહ્યું, 'લેશમાત્ર આશ્ચર્ય પામવાની જરૂર નથી. રમવાથી તન અને મન સ્વસ્થ રહે છે અને રમતનો આનંદ તો એવો છે કે વ્યક્તિ એનાં સઘળાં દુઃખદર્દ ભૂલી જાય છે.'

મિત્રે કહ્યું, 'એ વાત તો બરાબર, પરંતુ તમને એમ નથી લાગતું કે તમારા જેવા સમર્થ સર્જક બાળકો સાથે રમીને અમૂલ્ય સમય બરબાદ કરે છે. વિચાર તો કરો કે તમે જેટલો સમય બાળકો સાથે ખેલ ખેલવામાં વિતાવ્યો, એટલો સમય જો લેખનમાં વિતાવ્યો હોત તો કેવું સુંદર સર્જન કરી શક્યા હોત!'

મિત્રની વાત સાંભળીને પંડિત વિષ્ણુ શર્માએ હસીને કહ્યું, 'તમે લેખક નથી, માટે આવી વાત કરો છો. જો સર્જન કરતા હોત, તો ક્યારેય આવો વિચાર કર્યો ન હોત. આ બાળકો સાથે રમીને, એમની વચ્ચે રહીને, એમની સાથે વાતો કરીને અને એમના હાવભાવની

કુશળતા જાણીને મારી વાર્તાઓમાં એને આલેખું છું. બાળકોને સમજ્યા વિના એમના વિશે લખવું ક્યાંથી સંભવ બને ?'

વિષ્ણુ શર્માનો મિત્ર વિચારમાં પડી ગયો. એ જોઈને પંચતંત્રકાર પંડિતજીએ કહ્યું, 'તને ભોજન કરવાનું મન થયું હોય અને વાનગી બનાવતાં ન આવડે તો તું સારું ભોજન બનાવી શકે ખરો? બસ, આ દૃષ્ટાંત પરથી જ આખી વાત બરાબર સમજી લે.'

મિત્રે ઉત્તર આપ્યો, 'પંડિતજી, તમારી વાતનો મર્મ હું સમજી ગયો છું. તમે સાચું જ કહો છો કે બાળકો માટે લખવું હોય તો પહેલાં એમના હાવભાવ, વિચાર, કલ્પના અને એમની મનોસૃષ્ટિને જાણવી પડે, તો જ બાળકો હોંશે હોંશે વાંચે એવું લખી શકાય.'

# ૯. સારા-ખોટાની કસોટી પ્રકાશમાં જ થાય !

એવો વિચિત્ર સંયોગ સર્જાયો કે રાજાએ જે આશ્રમમાં ઋષિ પાસે અધ્યયન કરવા માટે રાજકુમારને મોકલ્યો હતો, એ જ આશ્રમમાં રાજવંશના વિરોધી પરિવારનો એક યુવક પણ અધ્યયન માટે આવી ચડ્યો. ઋષિના આશ્રમમાં સહુ વિદ્યાર્થીઓ પરસ્પર સાથે સૌજન્યપૂર્ણ વર્તાવ કરતા હતા, પરંતુ રાજકુમારને એ વાત ખટકતી હતી. એ માનતો હતો કે રાજવંશના વિરોધી યુવાન સાથે તો સદ્ભાવભર્યો વર્તાવ થઈ શકે જ નહીં. એને મનોમન થતું કે આવા રાજવિરોધી યુવાનની તો અવજ્ઞા થવી જોઈએ અને તક મળે ત્યારે એને અપમાનિત કરવો જોઈએ. રાજકુમાર તો હંમેશાં એની સાથે તોછડાઈથી જ વાત કરતો હતો.

આવી સ્થિતિ જોઈને ઋષિએ એક વાર રાજકુમારને કહ્યું, 'શિક્ષણનો પહેલો પાઠ છે સૌજન્ય. જો તમે તમારા શિક્ષણને શોભા આપવા માગતા હો, તો તમારે સહુની સાથે સૌજન્યભર્યો વ્યવહાર રાખવો જોઈએ. જીવનની મધુરતા વાણી, વર્તન અને વ્યવહારમાં ઊતરવી જોઈએ.'

રાજકુમારને ઋષિનો ઉપદેશ પસંદ પડ્યો નહીં, તેથી તે એના પિતા પાસે પાછો ચાલ્યો ગયો અને પિતાને કહ્યું, 'તમે મને કેવા ઋષિના આશ્રમમાં અધ્યયન માટે મોકલ્યો છે ? એમને સારું શું કહેવાય અને ખોટું શું કહેવાય, એની પરખ જ નથી. એ તો એમ માને છે કે બધાની સાથે એકસરખો મધુર વ્યવહાર જ કરાય. ભલે ને એ આપણો વિરોધી હોય.'

રાજકુમારની મનઃસ્થિતિ પામી ગયેલા રાજાએ કહ્યું, 'આજે સાંજે આપણે જંગલમાં ફરવા જવું છે.'

જંગલમાં ફરીને રાજા અને રાજકુમાર પાછા ફરતા હતા, ત્યારે રાત પડી ગઈ. રાજાના કંઠમાં શોભતા રત્નના હારનો બહુમૂલ્ય

મણિ છૂટો પડીને નીચે પડી ગયો. આ અંધારામાં મણિ દેખાય કઈ રીતે ? એટલે રાજાએ જ્યાં મણિ પડ્યો હતો ત્યાં જે કંઈ કાંકરા અને નાના પથ્થર હતા, એ બધા ભેગા કરીને એક પોટલીમાં બાંધી દીધા. રાજકુમારને આશ્ચર્ય થયું કે રાજા શા માટે આવું કરે છે? ત્યારે રાજાએ કહ્યું, ‘આ ઘનઘોર અંધારામાં એ પારખવું મુશ્કેલ છે કે હીરો કયો છે અને કાંકરો કયો છે ? આથી આ બધાને ભેગા કરીને બાંધી લઉં છું. કાલે પ્રભાતે સૂરજની રોશનીથી મારો કીમતી મણિ ઓળખીને બાકીના પથ્થર ફેંકી દઈશ.’

આ સાંભળીને રાજકુમાર વિચારમાં પડ્યો, ત્યારે રાજાએ કહ્યું, ‘આ જ તારા પ્રશ્નનો ઉત્તર છે. સારા-ખોટાની કસોટી પ્રકાશમાં જ થાય. તારી સાથે આશ્રમમાં જે વિદ્યાર્થીઓ છે, એમાં કોણ સારો છે અને ખોટો કોણ છે, એ તો સમય આવે જ સિદ્ધ થાય, ત્યાં સુધી બધાને એકનજરે જોવા જોઈએ. સહુની સાથે સૌજન્યપૂર્ણ વ્યવહાર દાખવવો જોઈએ.’

# ૧૦. સંકટના સમયે જ્ઞાન ઉચિત-અનુચિતનો બોધ કરાવે છે !

રાજા ભોજના નગરમાં વસતા દરિદ્ર બ્રાહ્મણની આર્થિક સ્થિતિ એટલી બધી દયનીય બની ગઈ કે એને ખાવાના સાંસા પડવા લાગ્યા. કુટુંબનો નિર્વાહ અતિ મુશ્કેલ બનતો જોઈને એણે વિચાર કર્યો કે હવે રાજભવનમાં ચોરી કરવા સિવાય બીજો કોઈ આરો કે ઓવારો નથી. રાજભવનના ચોકીદારોની નજર ચૂકવીને એ રાજાના ખંડ સુધી પહોંચી ગયો અને જોયું તો સુવર્ણના અલંકારો, રત્નો અને કીમતી ચીજવસ્તુઓ અહીંતહીં પડી હતી.

મનમાં વિચાર્યું કે આમાંની એક વસ્તુ પણ એ ચોરી લે, તો એનું સઘળું દારિદ્રય દૂર થઈ જાય, આથી એણે સોનાનો એક રત્નજડિત હાર લેવાનો વિચાર કર્યો ત્યાં તો એના મનમાં રહેલું શાસ્ત્રજ્ઞાન પોકારી ઊઠ્યું, 'અરે ! અરે ! રહેવા દે ! તું જાણે છે કે સુવર્ણનો ચોર નરકવાસી બને છે.'

આ શાસ્ત્રવચનનું સ્મરણ થતાં એણે એ સુવર્ણાલંકાર લેવાનું સાહસ કર્યું નહીં. આ રીતે એક પછી એક કીમતી ચીજવસ્તુઓ ચોરી કરવાનો એણે વિચાર કર્યો, પરંતુ એના શાસ્ત્રજ્ઞાને આવી ચોરીથી થનારા પાપનું સ્મરણ કરાવીને વિદ્વાન બ્રાહ્મણને અટકાવી દીધો. આખી રાત વીતી ગઈ, પણ અલંકાર, સુવર્ણ કે કીમતી ચીજવસ્તુઓની ચોરી કરી શક્યો નહીં.

સવાર થતાં પકડાઈ જવાના ભયથી આ વિદ્વાન રાજા ભોજના પલંગ નીચે છુપાઈ ગયો અને પ્રાતઃકાળે અભિવાદન માટે રાજા સમક્ષ એમની રાણીઓ અને દાસીઓ હાજર થઈ.

પ્રાતઃકાળે રાજા ભોજ પવિત્ર ધર્મગ્રંથનો શ્લોક ઉચ્ચારી રહ્યા હતા, ત્યાં એનાં ત્રણ ચરણ તો બોલ્યા, પણ ચોથું ચરણ યાદ આવતું નહોતું. ફરી વાર ત્રણ ચરણ બોલ્યા, પણ ચોથું ચરણ યાદ આવ્યું નહીં. પલંગ નીચે છુપાયેલા વિદ્વાન બ્રાહ્મણથી રહેવાયું નહીં અને એ શ્લોકનું ચોથું ચરણ બોલી

ઊઠ્યો. શ્લોક અપૂર્ણ અધૂરો રહે, તે કેમ ચાલે?

મહારાજા ભોજ ચમક્યા અને વિદ્વાન બ્રાહ્મણને બહાર નીકળવા કહ્યું. રાજા ભોજે વિદ્વાન બ્રાહ્મણને આખી રાત મળવા છતાં ચોરી નહીં કરવાનું કારણ પૂછ્યું, તો એણે કહ્યું કે 'મારા શાસ્ત્રજ્ઞાને મને ચોરી કરતાં અટકાવ્યો છે. એણે જ મારા ધર્મની રક્ષા કરી છે.'

આ સાંભળી રાજા ભોજે કહ્યું, 'તમારી વાત સાચી છે કે જ્ઞાન ઉચિત-અનુચિતનો બોધ કરાવે છે. સંકટના સમયે એ યોગ્ય માર્ગ બતાવે છે અને એમાંથી જાગેલા સંસ્કારો અનિષ્ટ કરતાં અટકાવે છે.'

એ પછી રાજા ભોજે આ વિદ્વાન બ્રાહ્મણને સારું એવું ધન આપીને એમની દરિદ્રતા સદાને માટે દૂર કરી દીધી.

# ૧૧. આ મેલી ચાદરને ઊજળા રંગે રંગી લાવ !

આજથી બે હજાર વર્ષ પહેલાં થયેલા દક્ષિણ ભારતના મહાન સંત તિરુવલ્લુવર કબીરની જેમ જન્મે અને વ્યવસાયે આજીવન વણકર રહ્યા.

આ સંત પોતાના આશ્રમમાં કાપડ વણવાની સાથોસાથ શિષ્યો સાથે જ્ઞાનવાર્તા પણ કરતા હતા. એમની જિજ્ઞાસાના ઉત્તરો આપતા હતા અને ધર્મ, અર્થ અને કામ વિશેના પોતાના વિચારો સમજાવતા હતા.

એક બાજુ આ સઘળી ધર્મચર્ચા ચાલતી હોય અને બીજી બાજુ સાળ પર સરસ રીતે કાપડ વણાતું હોય. સહેજે ખામી વિનાનું એમનું વણાટકામ સહુ કોઈને પ્રભાવિત કરતું હતું.

એક વાર એક ગૃહસ્થ એમના આશ્રમમાં આવ્યો અને કહ્યું, ‘તમારી પાસે રહીને હું જ્ઞાન મેળવવા માગું છું. તમે મને તમારો શિષ્ય બનાવો.’ પણ તિરુવલ્લુવરે એના માથા પર હાથ મૂકતાં કહ્યું,

‘બસ, તમે જ્યાં છો ત્યાં રહો.’

પેલો યુવાન સંતની વાત સમજી શક્યો નહીં એટલે એણે એમના એક શિષ્યને પૂછ્યું તો શિષ્યે કહ્યું, ‘ગુરુજી એમ કહે છે કે તમે જે કાર્ય કરો છો તે કાર્ય કરતા રહો, તેનાથી જ તમારું કલ્યાણ થશે.’

શિષ્ય બનવા આતુર યુવાનને સંતના ઉપદેશથી સંતોષ ન થયો, ત્યારે એણે ફરી વાર આગ્રહ કર્યો કે હું તમારો ઉપદેશ પામીને મારું જીવન સુધારવા માગું છું. ત્યારે સંત તિરુવલ્લુવરે એમની પાસે પડેલી મેલી ચાદર ઉઠાવીને એને કહ્યું,

‘આ ખૂણામાં રંગભર્યું ગરમ પાણી ઊકળે છે. તું જરા આ ચાદરને એ ઊજળા રંગે રંગી લાવ.’

યુવાન આશ્ચર્ય પામ્યો કે ચાદર આટલી બધી મેલી હોય, પછી એના પર કઈ રીતે ઊજળો રંગ ચડે ? જૂનો મેલ દૂર થાય, તો જ ચાદર પર નવો રંગ ચડે. એની વિમાસણ જોઈને સંત તિરુવલ્લુવરે કહ્યું,

‘હું તને આ જ સમજાવવા માગું છું. પહેલાં તારા મનમાં ભરેલી તૃષ્ણા, લિપ્સા, ક્રોધ અને વાસનાને દૂર કર. એનાથી મુક્ત થઈને તારું મન નિર્મળ બનશે, પછી તું જરૂર મારો ઉપદેશ ગ્રહણ કરી શકીશ.’

# ૧૨. જ્ઞાની પુરુષ સ્વયં પર શાસન કરે છે.

એક યુવાન બ્રહ્મચારીએ અનેક વિદ્યાધામોમાં રહીને વિદ્યા પ્રાપ્ત કરી અને મહાન ગ્રંથોનું ઊંડું અધ્યયન કર્યું. જ્ઞાનનો અપચો થતાં એ બડાશ અને આત્મપ્રશંસામાં સરી પડ્યો અને જે કોઈને મળે એમને કહેતો કે જગતમાં એના જેવો જ્ઞાની કે વિદ્વાન અન્ય કોઈ નથી. એથીય વિશેષ પોતાના જ્ઞાનના અહંકારને પોષવા માટે એમની સામે એવો સવાલ પણ કરતો કે મારાથી કોઈ મોટો વિદ્વાન તમે જોયો છે ખરો?

એ સમયે ભગવાન બુદ્ધે આ ઘમંડી યુવાન વિદ્વાનની વાત સાંભળી એટલે તેઓ બ્રાહ્મણનો વેશ ધારણ કરીને એની પાસે પહોંચી ગયા.

જ્ઞાની બ્રહ્મચારીએ આ બ્રાહ્મણની ઓળખ માગી, ત્યારે બુદ્ધે કહ્યું, ‘પોતાના દેહ અને મન પર જેનો પૂર્ણ સંયમ છે એવો એક સામાન્ય માનવી છું.’

યુવા બ્રહ્મચારી બ્રાહ્મણનાં વચનો સમજી શક્યો નહીં, તેથી પૂછ્યું, ‘જરા સ્પષ્ટ વાત કરો. તમે બોલો છો તે હું સમજી શકતો નથી.’

ભગવાન બુદ્ધે કહ્યું, ‘જેમ કુંભાર ઘડો ઘડે છે, નાવિક નૌકા ચલાવે છે, ધનુર્ધારી બાણ ફેંકે છે, ગાયક ગીત ગાય છે, વાદક વાદ્ય વગાડે છે, વિદ્વાન સંશોધન કરે છે, એ જ રીતે જ્ઞાની પુરુષ સ્વયં પર શાસન કરે છે.’

યુવા બ્રહ્મચારીને આ વાત પણ બરાબર સમજાઈ નહીં એટલે એણે વળી પ્રશ્ન કર્યો, ‘જ્ઞાની પુરુષ તે વળી કઈ રીતે પોતાના પર શાસન કરે?’

ભગવાન બુદ્ધે કહ્યું, ‘લોકો જ્ઞાની પુરુષ પર પ્રશસ્તિનો મુશળધાર વરસાદ વરસાવે કે પછી એમની આસપાસ ટીકા અને નિંદાની પ્રચંડ આગ ફેલાવે, તો પણ જ્ઞાની પુરુષનું મન સદૈવ શાંત રહે છે. એનું ચિત્ત સદાચાર, દયા અને વિશ્વપ્રેમ પર કેન્દ્રિત રહે છે. એના પર પ્રશંસા કે ટીકાની કોઈ અસર થતી નથી અને તેથી જ એના ચિત્ત-સાગરમાં શાંતિની ધારા સતત વહેતી રહે છે.’

બુદ્ધનાં આ વચનો સાંભળીને જ્ઞાની બ્રહ્મચારી વિષાદમાં ડૂબી ગયો. એને આત્મગ્લાનિ જાગી અને જ્યારે એણે જાણ્યું કે બ્રાહ્મણના વેશમાં સ્વયં ભગવાન બુદ્ધ પધાર્યા છે, ત્યારે એણે બે હાથ જોડીને પ્રાર્થના કરી, 'આજ સુધી હું અજ્ઞાનના અંધકારમાં ભટકતો હતો. હું મારી જાતને પરમ જ્ઞાની માનતો હતો, પરંતુ આજે હું સમજ્યો કે મારે તમારી પાસેથી ઘણું શીખવાનું છે.'

ભગવાન બુદ્ધે કહ્યું, 'ભાઈ, આજે તમને જ્ઞાનનો પહેલો પાઠ સમજાઈ ગયો. જ્ઞાનીએ સૌપ્રથમ આત્મસંયમની સાધના કરવાની હોય છે.'

## ૧૩. માળા હાથમાં લેતાં આખી દુનિયા મનમાં આવે છે !

સાધના કરવા નીકળેલા યુવકે સંતના ચરણ ગ્રહીને આજીજી કરતાં કહ્યું, 'મહારાજ, હું આ નગરમાં વસું છું. સુખી અને સમૃદ્ધ છું, મને હવે આત્મજ્ઞાન પામવાની પ્રબળ જિજ્ઞાસા જાગ્રત થઈ છે, પરંતુ હાથમાં માળા લઉં છું અને દુનિયા આખી મનમાં ખડી થઈ જાય છે. ઘણી કોશિશ કરવા છતાં ચિત્તની એકાગ્રતા સધાતી નથી. આપ કોઈ માર્ગ બતાવો.'

સંતે કહ્યું, 'આવતી કાલે હું સ્વયં તમારે ઘેર આવીશ અને એકાગ્રતાની સાધનાનો મંત્ર આપીશ.'

યુવાન સાધકના હૃદયમાં આનંદનો સાગર ઊછળવા લાગ્યો. સંત સામે ચાલીને પોતાને ત્યાં પધરામણી કરે, તે તો કેવું મોટું મહાભાગ્ય !

એણે તો સંતના સ્વાગત માટે જાતજાતની વાનગી બનાવી. શુદ્ધ ઘીનો સ્વાદિષ્ટ હલવો તૈયાર કર્યો અને ચાંદીના પાત્રમાં મૂક્યો.

સંતનું એના ઘેર આગમન થયું અને એણે એ ચાંદીનું પાત્ર એમની સમક્ષ ધર્યું, તો સંતે એની આગળ પોતાનું કમંડળ ધર્યું અને કહ્યું, 'આ હલવો કમંડળમાં નાખી દો.' યુવાન કમંડળમાં નાખવા ગયો, પણ એણે જોયું તો કમંડળમાં કચરો હતો. આવા કચરાવાળા કમંડળમાં હલવો નાખી કઈ રીતે શકાય ?

યુવાનના હાથ થંભી ગયા અને એણે કહ્યું, 'મહારાજ, હું કઈ રીતે આ હલવો કમંડળમાં નાખી શકું ? એમાં તો એટલો બધો કચરો પડેલો છે કે હલવો નાખું, તો તે પણ બગડી જાય. ખાવાને યોગ્ય ન રહે.'

યુવાનનો ઉત્તર સાંભળીને સંતે હસતાં-હસતાં કહ્યું, 'તારી વાત સર્વથા સત્ય છે. જેમ કમંડળમાં કચરો છે, તેથી હલવો નાખી શકાય નહીં, એ જ રીતે તારા ચિત્તમાં એટલા બધા વિચારો, તરંગો અને કષાયો પડેલા છે, જે આત્મજ્ઞાનમાં બાધક છે. જો ચિત્ત આવા વિકાર અને કુસંસ્કારથી ભરેલું હોય, તો એકાગ્રતા આવે ક્યાંથી ? એકાગ્રતા ત્યારે જ આવે કે જ્યારે વ્યક્તિ સચ્ચાઈ અને સાત્ત્વિકતાથી કાર્ય કરવાનો સંકલ્પ કરે.'

સંતની વાત સાંભળીને યુવકે એ ક્ષણે જ નક્કી કર્યું કે હવે એ એના મનમાં રહેલો એકાગ્રતાને અવરોધક અને આત્મજ્ઞાન પ્રાપ્તિમાં બાધક એવા કચરાને પહેલાં દૂર કરશે.

# ૧૪. પોતાનો અસલી ચહેરો કોને પસંદ છે ?

પોતાના જમાનાના મહાન ચિત્રકારને સમ્રાટે નિમંત્રણ પાઠવ્યું. આ ચિત્રકારની કલાકૃતિઓ વિશાળ મહેલો અને ભવ્ય ધર્મસ્થાનોમાં શોભતી હતી અને જગતભરમાં નામના પામી હતી. સમ્રાટને થયું કે આ ચિત્રકાર પાસે એક એવું ચિત્ર બનાવું કે જેમાં પોતે સિંહાસન પર બિરાજમાન હોય અને જેમ ચંદ્ર તારામંડળથી સુશોભિત હોય તેમ એમની આસપાસ દરબારીઓ બેઠા હોય. સમ્રાટની ઇચ્છા આ વિશાળ ચિત્રથી પોતાના રાજદરબારમાં દીવાલને સુશોભિત કરવાની હતી.

વિખ્યાત ચિત્રકારને આ કાર્ય સોંપવાની સાથોસાથ સમ્રાટે એવી વિનંતી પણ કરી કે આજે મુસાફરીનો થાક ઉતારી લો. આવતીકાલથી તમારું કામ શરૂ કરી દેજો. એને માટે તમને તમામ સગવડ ઉપલબ્ધ થશે.

ચિત્રકાર મહેલના વિશ્રામખંડમાં ગયો અને હજી મુસાફરીનો થાક ઉતારવા માટે પલંગમાં સહેજ લંબાવે, ત્યાં જ સમ્રાટનો પ્રધાન આવ્યો. એણે કહ્યું, 'આવતીકાલે તમે રાજા સાથે બેઠેલા દરબારીઓનું ચિત્ર બનાવવાના છો, ત્યારે મારા ચહેરા પરના ખીલને ચિત્રમાં બતાવશો નહીં. એક જમાનામાં હું ઘણો રૂપાળો હતો. પ્રધાન તરીકે રાત-દિવસ રાજની સેવા કરતાં આટલો કાળો પડી ગયો અને મોં પર આટલા બધા ખીલ થયા.'

ચિત્રકારે ઉત્તરમાં કહ્યું કે આ અંગે હું વિચારીશ. હજી થોડો આરામ કરવા જાય, ત્યાં તો એક વૃદ્ધ દરબારી આવ્યો. એણે કહ્યું, 'તમે મારું ચિત્ર બનાવો ત્યારે મને યુવાન દેખાડજો. સમ્રાટની સેવામાં રહ્યો ત્યારે હું યુવાન હતો. વર્ષો સુધી સેવા કરી અને એને પરિણામે હું વૃદ્ધ બની ગયો.'

ચિત્રકારે એની વાત સાંભળીને વિદાય કર્યા અને હજી ઊંઘવાનું શરૂ કરે છે ત્યાં તો સેનાપતિએ પ્રવેશ કર્યો અને એણે કહ્યું, 'તમારું ચિત્ર તો વર્ષો સુધી જગતને પ્રેરણા આપે છે. તમે આવું ચિત્ર બનાવો છો, ત્યારે મારી વિનંતી એટલી જ છે કે તમે એક વસ્તુનો ખ્યાલ રાખજો. ચિત્રમાં મારું મોટું પેટ બતાવશો નહીં. તમે જાણો છો કે શરીરનો શું ભરોસો ? એ તો બદલાતું રહે છે. જ્યારે તમારું ચિત્ર તો શાશ્વત છે.'

આ રીતે એક પછી એક દરબારીઓ આવ્યા અને દરેકે ચિત્રકારને પોતાની કોઈ ને કોઈ બાબત છુપાવવાનું કહ્યું. થોડા સમયમાં ચિત્ર તૈયાર થઈ ગયું. ચિત્રકાર એને રાજદરબારમાં લઈને આવ્યો. સમ્રાટને એ ચિત્ર જોવાની ઘણી ઉત્સુકતા હતી. ચિત્રકારે ચિત્ર પરથી પડદો હટાવ્યો, ત્યારે એ ચિત્રને જોઈને સમ્રાટ અકળાઈ ઊઠ્યા, એમણે પૂછ્યું, 'તમે મારું ચિત્ર તો બરાબર કર્યું, પણ આ બધા દરબારીઓના મુખ પર મુખવટો કેમ ? એમનું મોં કેમ ઢાંકી દીધું છે. કોઈ ઓળખાતા નથી.'

ચિત્રકારે સમ્રાટને અતઃથી ઈતિ વાત કર્યા પછી કહ્યું, 'મહારાજ, હું શું કરું? આ દરેક દરબારી એના અસલી રૂપમાં દેખાવા માગતા નથી. આથી મેં એમના ચહેરા પર મુખવટો લગાવ્યો છે. માણસને પણ ક્યાં પોતાનો અસલી ચહેરો બતાવવો ગમે છે ? એ અંદર જુદો હોય છે અને બહાર જુદો હોય છે.'

સમ્રાટ ચિત્રકારની વાતનો મર્મ પારખી ગયો.

# ૧૫. ઓછું કામ કરી વધુ વેતન લઈ શકું નહીં !

જયપુરના રાજા સવાઈ રામસિંગના ખજાનચી તરીકે વિદ્વાન અને નિષ્ઠાવાન પંડિત સદાસુખ જવાબદારી બજાવતા હતા. કેટલાક દરબારીઓએ રાજાને ફરિયાદ કરી કે પંડિતજી પોતાનું કામ ધ્યાન દઈને કરતા નથી. ભંડારની કોઈ ફિકર નથી. આખો દિવસ ધર્મગ્રંથો જ વાંચ્યા કરે છે.

થોડા દિવસ બાદ રાજા સ્વયં આની તપાસ માટે રાજભંડારમાં ગયા તો જોયું કે પંડિતજી રાજદરબારના કામમાં ડૂબેલા હતા અને બધું વ્યવસ્થિત રીતે ચાલી રહ્યું હતું. ક્યાંય કોઈ ગરબડ કે અવ્યવસ્થા નહોતી.

રાજા પ્રસન્ન થયા અને પંડિત સદાસુખને કહ્યું, ‘પંડિતજી, તમારાં કાર્યોથી હું ઘણો સંતુષ્ટ છું. મેં તમને તરક્કી આપવાનું વિચાર્યું છે. મારે તમારા વેતનમાં એક ચતુર્થાંશ વધારો કરવો છે.’

આ સાંભળી પંડિત સદાસુખે કહ્યું, ‘મારું એ સદ્‌ભાગ્ય છે કે આપ મારા કાર્યથી સંતુષ્ટ છો, પરંતુ હું ઇચ્છું છું કે તમે મારા હાલના પગારમાં એક ચતુર્થાંશ ઘટાડો કરી દો.’

આ સાંભળી રાજા આશ્ચર્યચકિત બની ગયા અને એમણે કહ્યું, ‘આજ સુધી કોઈએ આવી વિચિત્ર માગણી કરી નથી. તમે શા માટે આવું કહો છો?’

પંડિત સદાસુખે કહ્યું, ‘મહારાજ, હું રોજ એક કલાક રાજભંડારમાં મોડો આવવા માગું છું, કારણ કે અત્યારે હું એક ગ્રંથ લખી રહ્યો છું. એને માટે મારે થોડો વધુ સમયની જરૂર છે.’

રાજાએ કહ્યું, ‘કોઈ વાંધો નહીં, તમે નિરાંતે ગ્રંથલેખન કરો. હું તમને મોડો આવવાની અનુમતિ આપું છું, પરંતુ તમારો પગાર હું ઓછો નહીં કરું.’

સદાસુખે કહ્યું, ‘ના મહારાજ, એ તો ઘણું અનુચિત કહેવાય. ઓછું કામ કરીને હું વધુ પગાર મેળવી શકું નહીં. એનાથી રાજ્યને નુકસાન થાય. માટે કૃપા કરીને આપ મારા પગારનો ચોથો ભાગ કાપી લેશો.’

રાજા પંડિતની નિષ્ઠા પર પ્રસન્ન થઈને એમને ભેટી પડ્યા. પંડિતજીનો પગાર ઓછો થયો. એમણે અનેક ગ્રંથોની રચના કરી.

# ૧૬. મને સસલાની આંખમાં ઈશ્વર દેખાય છે !

રાજા અંગસિંહ અતિ ચિંતાતુર બની ગયા, કારણ કે એમનો પુત્ર પ્રવીણસિંહ ખોટી સોબતને કારણે અનુચિત કાર્યો કરવા લાગ્યો હતો. ચારે બાજુથી એની ફરિયાદ ઊઠતી હતી. વળી પ્રવીણસિંહ હજી બાળક હોવાથી રાજાને એવી આશા પણ હતી કે એનો સ્વભાવ બદલી શકાશે અને ભવિષ્યમાં એ એક સાચો રાજવી બની શકશે.

રાજાએ જ્યારે પોતાના ગુરુ સોમદેવને પોતાની પારાવાર પરેશાનીભરી બાબતનું વર્ણન કર્યું, ત્યારે ગુરુએ કહ્યું કે એને છ મહિના આશ્રમમાં મૂકી જા. સારી સંગતની જરૂર અસર પડશે. એ પછી તો ગુરુ સોમદેવ યુવરાજને સદ્‌વર્તનના પાઠ શીખવવા લાગ્યા અને એક દિવસ ગુરુએ કહ્યું,

'ઈશ્વર સર્વત્ર વિદ્યમાન છે, આથી આપણે યાદ રાખવું જોઈએ કે આપણાં નાનામાં નાનાં દુષ્કર્મ અને પાપની સજા આપણને અવશ્ય મળે છે, કારણ કે ઈશ્વર સઘળું જોઈ રહ્યો છે. પરિણામે તમે વિકારવશ પ્રલોભનને કારણે કોઈ અનુચિત કાર્ય કરવાનો વિચાર કરો, તો એ સમયે ઈશ્વરની ઉપસ્થિતિનો ખ્યાલ કરજો. દરેક જગાએ તમે એ વિચાર કરજો કે તમારો પ્રભુ તમારી સામે છે. તમને જુએ છે.'

ધીરે ધીરે યુવરાજ સન્માર્ગે વળ્યો અને એક દિવસ ગુરુ સોમદેવે એને એક સસલું આપતાં કહ્યું, 'આને તું એકાંત સ્થળે લઈ જઈને મારી નાખ.'

સસલાને લઈને યુવરાજ ઘણાં સ્થળે ફર્યો, પરંતુ એની ગરદન મરોડી શક્યો નહીં. જ્યારે પણ એ એના ગળા પર હાથ મૂકે કે એની આંખોમાં એને ઈશ્વર દેખાતા હતા.

લાંબા સમય બાદ યુવાન જીવિત સસલાને લઈને ગુરુની પાસે આવ્યો અને બોલ્યો,

'ગુરુદેવ, આપે જ શીખવ્યું હતું કે સર્વત્ર, સઘળે ઈશ્વરની ઉપસ્થિતિનો અનુભવ કરો. એ બધે બધામાં હાજરાહજૂર છે. જો આવું જ હોય તો હું એકલો કઈ રીતે હોઈ શકું ? જ્યાં ક્યાંય એકાંત જ નથી, તો કઈ રીતે સસલાને એકાંતમાં મારી શકું ? મને તો આ સસલાની આખમાં પણ ઈશ્વર દેખાતા હતા. આથી હું એને મારી શક્યો નથી.'

યુવરાજની વાત સાંભળીને ગુરુ સોમદેવ એને ભેટી પડ્યા અને કહ્યું, 'પુત્ર, તું સદાચાર અને પ્રેમની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ગયો છે. હવે તું નિરાંતે રાજમાં પાછો ફર.'

# ૧૭. શિખર પર પહોંચ્યા પછી અતિ આત્મવિશ્વાસનો શિકાર બની જાય છે

ગુરુકુળમાં શસ્ત્ર અને શાસ્ત્ર બંનેનું શિક્ષણ આપવામાં આવતું હતું. જ્ઞાનબળની સાથોસાથ શરીરબળની કેળવણી અપાતી હતી. એક વાર ગુરુએ ગુરુકુળમાં અભ્યાસ કરતા રાજકુમારને કહ્યું, 'તમે આ વૃક્ષના થડ પર ચડી જાઓ. મારે તમારા કસાયેલા દેહની કસોટી કરવી છે.'

રાજકુમારે વિષાદભર્યા ચહેરે કહ્યું, 'ગુરુદેવ, મને વૃક્ષ પર ચડતાં આવડતું નથી. મને એમ લાગે છે કે ચડવાનો પ્રયત્ન કરીશ, તો હું નીચે પડી જઈશ.'

આ સાંભળી ગુરુએ કહ્યું, 'આજ સુધી મેં વૃક્ષ પર ચડવામાં નિપુણ હોય, તેને નીચે પડતા જોયા છે, પરંતુ ચડવાનું નહીં જાણનારાઓને ક્યારેય પડતા જોયા નથી, માટે તું નિશ્ચિંત થઈને વૃક્ષ પર ચડી જા.'

ગુરુઆજ્ઞા શિરોધાર્ય કરીને રાજકુમારે વૃક્ષ પર ચડવાની શરૂઆત કરી. ગુરુએ કહ્યું, 'તારે છેક વૃક્ષની ટોચે પહોંચવાનું છે.'

રાજકુમાર પૂરી જાગૃતિથી સંભાળીને ચડવા લાગ્યો. મનમાં એમ પણ વિચારતો કે ગુરુ એને વૃક્ષારોહણની કળા વિશે માર્ગદર્શન આપશે, જેથી એને કોઈ મુશ્કેલી નહીં પડે. પણ ગુરુ તો તદ્દન મૌન રહ્યા. અત્યંત સાવધાની સાથે રાજકુમાર વૃક્ષની ટોચે પહોંચ્યો, પરંતુ જેવો એણે નીચે ઊતરવાનો પ્રારંભ કર્યો કે તરત જ ગુરુ વારંવાર સતત સૂચનાઓ આપવા લાગ્યા.

રાજકુમારને સમજાયું નહીં કે વૃક્ષ પર ચડતી વખતે ખરેખર તો સૂચના અને માર્ગદર્શનની જરૂર હતી, ત્યારે ગુરુએ મૌન ધારણ કર્યું અને હવે જ્યારે નીચે ઊતરવા માટે કોઈ માર્ગદર્શનની જરૂર નથી, ત્યારે સતત સૂચના અને માર્ગદર્શન આપે છે!

રાજકુમારને ગુરુની આવી પદ્ધતિ સમજાઈ નહીં એટલે એણે અકળાઈને પોતાની જિજ્ઞાસા પ્રગટ કરી, ત્યારે ગુરુએ હસતાં હસતાં કહ્યું, 'વૃક્ષ પર ચડતી વખતે તું સતત જાગ્રત હતો, માટે તને કોઈ સૂચના આપવાની જરૂર લાગી નહીં, પરંતુ વૃક્ષની ટોચે પહોંચ્યા બાદ તું નિશ્ચિંત થઈ ગયો, તેથી હું તને સતત જાગ્રત રહેવા માટે સૂચના આપતો હતો. જીવનમાં પણ આવું જ થાય છે. વ્યક્તિ શિખર પર પહોંચીને અતિ આત્મવિશ્વાસનો શિકાર બની જાય છે, આથી શિખર પર પહોંચ્યા બાદ સવિશેષ જાગૃતિની જરૂર રહે છે.'

# ૧૮. પાપનું મૂળ કારણ તો આ છે !

રાજા સત્યપ્રિય એક ધર્મનિષ્ઠ શાસક હતો. એક વાર ન્યાયમંદિરમાં ન્યાય તોળતાં મનમાં એવો વિચાર જાગ્યો કે માનવી શા માટે પાપ કરવા વિવશ બની જતો હશે? જો પાપનાં મૂળને નષ્ટ કરીએ, તો પછી કોઈ પ્રવૃત્તિ થાય જ નહીં. આમ જો એ પાપથી અળગો રહે, તો કોઈને સજા કરવી પડે નહીં અને સમાજ શાંતિપ્રિય બની રહે. આથી રાજાએ ગુરુ સમક્ષ પોતાની આ વિષય પરત્વે જિજ્ઞાસા પ્રગટ કરી, ત્યારે ગુરુએ રાજાને કહ્યું, 'આનો ઉત્તર તો રાજ્યમાં વસતી રૂપવાન અને ગુણવાન એવી વિદ્યામતી જ આપી શકશે.'

રાજા વિદ્યામતી પાસે ગયો અને એણે પોતાના મનમાં જાગેલી સમસ્યા પ્રગટ કરી ત્યારે વિદ્યામતીએ કહ્યું, 'આનો જવાબ મેળવવા માટે તમારે થોડો દિવસ અહીં અતિથિ બનીને રહેવું પડશે.'

રાજાએ તત્કાળ પોતાની અસમર્થતા પ્રગટ કરતાં કહ્યું, 'અરે ! હું તો આટલા મોટા વિશાળ રાજનો રાજા છું. બહોળો કારભાર મારે સંભાળવાનો હોય છે. હું તમારે ત્યાં એક ક્ષણ પણ વધુ કઈ રીતે રહી શકું?'

ત્યારે વિદ્યામતીએ કહ્યું, 'એ જે કંઈ હોય તે, પણ તમારે તમારી સમસ્યાનું સમાધાન પ્રાપ્ત કરવું હોય, તો અહીં રહેવું અનિવાર્ય છે.'

આખરે રાજાએ વિદ્યામતીને ત્યાં રહેવાનું નક્કી કર્યું અને રાજ્યમાં સૂચના મોકલાવી કે એક અતિ આવશ્યક કાર્યને માટે રાજા અન્ય પ્રદેશમાં ગયા છે.

વિદ્યામતી રાતદિવસ રાજાની સંભાળ લેતી હતી. સ્વાદિષ્ટ ભોજન જમાડતી હતી અને એમની સાથે વેદ-ઉપનિષદની ચર્ચા પણ કરતી હતી. સમય જતાં રાજા એના પર આસક્ત બન્યો અને એક દિવસ મોહિત રાજાએ સ્વયં એની સમક્ષ પોતાના પ્રણયનો એકરાર કર્યો. આ સાંભળીને વિદ્યામતીએ કહ્યું, 'બસ મહારાજ, હવે તમને તમારા પ્રશ્નનો

ઉત્તર મળી ગયો. તમે રાજમહેલમાં નિરાંતે પાછા જઈ શકો છો.'

રાજાને વિદ્યામતીની વાત-વર્તન સમજાયાં નહીં. હજી એમની સમસ્યાનું સમાધાન મળ્યું નહોતું. વિદ્યામતીએ કહ્યું, 'મહારાજ, પાપનું મૂળ કારણ લોભ છે. આપ એના સકંજામાં સપડાઈ ગયા છો. એક વખત આપ અહીં એક ક્ષણ માટે વધુ રહેવાને રાજી નહોતા અને આજે તમે મને રાણી બનાવવા માટે તૈયાર થયા છો. આ લોભ જ માનવીને અવળે માર્ગે લઈ જાય છે અને બુદ્ધિભ્રષ્ટ કરે છે.'

વિદ્યામતીનો ઉત્તર સાંભળી રાજા શરમાઈને બોલ્યો, 'તમે સાચું કહો છો. લોભ જ માણસને ખોટે માર્ગે લઈ જાય છે. આજે હું એ જ અવળે માર્ગે જઈ રહ્યો હતો.' રાજાએ વિદ્યામતીને નમસ્કાર કરીને વિદાય લીધી.

# ૧૯. અહંકાર જ્ઞાન અને કલાને સ્વયંમાં ડુબાડી દેશે

સિંધુ નદીને કાંઠે સૌમ્યદેવ નામના પ્રખર વિદ્વાન ઋષિ વસતા હતા. અહીં વિદ્યાર્થીઓ સૌમ્ય ઋષિ પાસેથી શાસ્ત્રાભ્યાસની સાથોસાથ સૌમ્યતા અને નમ્રતાના પાઠ શીખતા હતા. એમના વિશાળ શિષ્યસમૂહમાં બે શિષ્યો અત્યંત તેજસ્વી હતા. મૌલિક પ્રતિભા ધરાવતા આ ગુણવાન શિષ્યો વર્ષોના શાસ્ત્રાભ્યાસ બાદ પ્રકાંડ પંડિત બની ગયા. પરંતુ બન્યું એવું કે વિદ્વત્તાના અહંકારને કારણે બંને અભિમાની અને પરસ્પર પ્રત્યે ઈર્ષ્યાળુ બની ગયા. એકબીજાને ઝેરભરી નજરે જોવા લાગ્યા અને આશ્રમમાં પણ બંને સાથે મળીને કામ કરવાનું પસંદ કરતા નહીં.

એક દિવસ ઋષિ સૌમ્યદેવ ગંગાકિનારેથી સ્નાનવિધિ સંપન્ન કરીને પાછા આવતા હતા, ત્યારે એમણે જોયું કે આશ્રમના પ્રાંગણમાં એમના બે તેજસ્વી શિષ્યો મોટા અવાજે એકબીજા સાથે ઝઘડી રહ્યા હતા. સૌમ્ય ઋષિએ બંનેને શાંત પાડ્યા અને પૂછ્યું કે આવી રીતે આશ્રમમાં ઝઘડવાનું કારણ શું ?

પ્રથમ શિષ્યે તત્કાળ ઉત્તર આપ્યો, 'ગુરુજી, હું આનાથી પ્રત્યેક વિદ્યા અને સઘળી કળામાં શ્રેષ્ઠ છું. એણે મારી તમામ વાત સ્વીકારવી જોઈએ અને મારી આજ્ઞા માનવી જોઈએ. હું એને આશ્રમના પ્રાંગણની સફાઈ કરવા કહું છું અને એ મારી વાત માનતો જ નથી.'

પહેલો શિષ્ય પોતાની કેફિયત આપે, ત્યાં તો બીજાએ તરત જ ઝંપલાવ્યું અને કહ્યું, 'ગુરુજી, હું શા માટે આશ્રમના પ્રાંગણની સફાઈ કરું? હું એનાથી કોઈ રીતે નીચો નથી. એ શેર છે, તો હું સવા શેર છું. મને સૂચના આપવાનો એને લેશમાત્ર અધિકાર નથી.'

હજી આ વાત પૂરી થાય એ પહેલાં બંને શિષ્યો એકબીજા સાથે ઝઘડવા લાગ્યા, ત્યારે એમને લડતા અટકાવીને ઋષિ સૌમ્યે કહ્યું, 'તમારી વાત સાચી છે. તમે બંને એવા મહાપંડિત છો કે આવું સફાઈકામ

કરો, તે તમને કોઈ રીતે શોભા આપે એમ નથી. માટે આજથી હું એ કામ કરીશ.'

સૌમ્યદેવે સફાઈ કરવા માટે ઝાડુ હાથમાં લીધું કે તરત જ બંને શિષ્યોએ ગુરુના હાથમાંથી ઝાડુ લઈ લીધું અને પોતાના દુર્વ્યવહાર માટે ક્ષમા માગી. સૌમ્યદેવે કહ્યું, 'શાસ્ત્ર કે કળામાં પ્રવીણ બનવું તે સારું છે, પરંતુ જો એનામાં પોતાના જ્ઞાન કે કળાનો અહંકાર આવી જાય, તો તે એને જ ડુબાડી દે છે. જો તમે અહંકારથી અળગા રહેશો તો તમારું જ્ઞાન અને કલા ચોપાસ ફેલાશે અને આખું વિશ્વ તમારે માટે ગર્વ અનુભવશે, પણ જો તમે જ્ઞાનનો ગર્વ અનુભવશો, તો એ તમારામાં જ સમાઈ જશે અને અંતે અહંકાર જ તમને ડુબાડશે.'

# ૨૦. સુવર્ણમુદ્રાથી સુખ-સમૃદ્ધિ નહીં મળે !

ભગવાન બુદ્ધના પરમ ભક્ત એવા રાજવીએ પ્રજાને સુખી અને સમૃદ્ધ બનાવવા માટે એક ઉપાય અજમાવ્યો. એણે રાજદરબારમાં એક વિશાળ થાળમાં સુવર્ણમુદ્રાઓ રાખી અને ઘોષણા કરી કે રાજ્યની પ્રત્યેક વ્યક્તિ આ વિશાળ થાળમાંથી બે બે મુઠ્ઠી સુવર્ણમુદ્રાઓ લઈ જાય અને પોતાના જીવનને વધુ સુખી-સમૃદ્ધ બનાવે. રાજાનો હુકમ સાંભળતાં જ લોકોનાં ટોળેટોળાં ઊભરાવા લાગ્યાં અને રાજદરબારમાં જઈને બે મુઠ્ઠી સુવર્ણમુદ્રાઓ લઈને સહુ ઘેર જવા લાગ્યા.

ભગવાન બુદ્ધને રાજવીના આ વિચારની જાણ થઈ. તેઓ એક બ્રહ્મચારીનું રૂપ લઈને દરબારમાં આવ્યા, થાળમાંથી સુવર્ણમુદ્રાની બે મુઠ્ઠી ભરી અને ચાલવા લાગ્યા. થોડે દૂર જઈને થોડી વારે એ પાછા આવ્યા અને દરબારમાં આવીને મુઠ્ઠીમાંની સુવર્ણમુદ્રાઓ નીચે ફેંકી. રાજાએ બ્રહ્મચારીને પ્રશ્ન કર્યો, ત્યારે એમણે કહ્યું, 'વિચાર કર્યો હતો કે આ સુવર્ણમુદ્રામાંથી મારા લગ્નનો સઘળો ખર્ચ નીકળી જશે, પરંતુ ગણતરી કરતાં ખબર પડી કે આને માટે વધુ સુવર્ણમુદ્રાઓની જરૂર છે. આટલી સુવર્ણમુદ્રાથી મારું કંઈ કામ પાર પડે એમ નથી.'

રાજાએ કહ્યું, 'એમાં શું ? નિરાશ શા માટે થાઓ છો. વધુ બે મુઠ્ઠી સુવર્ણમુદ્રા લઈ લો.'

બ્રહ્મચારીએ ચાર મુઠ્ઠી સુવર્ણમુદ્રા પોતાની પાસેની થેલીમાં નાખીને ચાલવા લાગ્યા. થોડી વાર વળી પાછા આવ્યા અને બોલ્યા, 'લગ્ન કરીશ તો સંતાન થશે અને સંતાન થશે તો ઘણો એવો ખર્ચ થશે. ચાર મુઠ્ઠી સુવર્ણમુદ્રાથી જીવન કંઈ ચાલવાનું નથી. દળદર ફિટવાનું નથી.'

રાજાએ કહ્યું, 'અરે ! આમ અકળાઓ છો શા માટે ? નિરાશ થાઓ છો શા માટે ? બે મુઠ્ઠી વધુ સુવર્ણમુદ્રા લઈ લો. બસ ને !'

રાજાના આ શબ્દો કાને પડતાં જ ભગવાન બુદ્ધે પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું. રાજા એમનાં ચરણમાં પડ્યો. ભગવાન બુદ્ધે કહ્યું, 'હે રાજન્, એક વાત સમજી લેજો. જો તમારી પ્રજા પરાવલંબી બની જશે, તો એનું ક્યારેય કલ્યાણ નહીં થાય. એને આજીવિકા પ્રાપ્ત કરવા માટે પરિશ્રમભર્યા રસ્તા બતાવો, તો જ પ્રજા સુખી-સમૃદ્ધ થશે અને એનું કલ્યાણ થશે. એમ ને એમ સુવર્ણમુદ્રાઓ આપવાથી કશું વળવાનું નથી.'

ભગવાન બુદ્ધની વાત સાંભળીને રાજાને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો.

## ૨૧. ઊંચાઈ નહીં, કિંતુ ઉપયોગિતા મહત્ત્વની છે

કુદરતની પણ કેવી કરામત ! એક જંગલમાં વાંસની પડખોપડખ આંબાનું ઝાડ ઊગ્યું. વાંસ ઊંચો અને આંબો નીચો ! પોતાની ઊંચાઈનો ગર્વ અનુભવતો વાંસ વારંવાર આંબાની મજાક કરતો અને કહેતો, ‘એ ઠીંગુજી, જરા ઊંચી નજર કરીને મને જો. હું કેટલો ઝડપથી ઊંચે વધી રહ્યો છું અને તું મારા જેટલી જ ઉંમરનો હોવા છતાં હજી સાવ નાનો જ રહ્યો છે. તું વામન, તારા જીવનમાં શું ઉકાળવાનો ?

આંબાએ કહ્યું, ‘ભાઈ વાંસ ! પ્રત્યેક વૃક્ષની આગવી પ્રકૃતિ હોય છે. કોઈ ઘણું ઊંચું વધે અને બીજું એટલી ઝડપીથી ઊંચે ન વધે. પરંતુ માત્ર શરીર વિશાળ કે ઊંચું હોય, એનાથી કશું વળતું નથી. મહત્ત્વની બાબત તો તમારું જીવન-સાર્થક્ય છે, લંબાઈ-પહોળાઈ નહીં.’

વાંસે કહ્યું, ‘વાહ રે વાહ, નબળાઈને હોશિયારીમાં ફેરવવાની તરકીબ તો કોઈ તારી પાસેથી શીખે ! તને જોવા માટે મારે કેટલાબધા નીચે નમવું પડે છે, તેની ખબર છે ખરી ! કેવો બિચારો છે તું !’

આંબાએ અકળાઈને કહ્યું, ‘ઓછી ઊંચાઈ હોય એટલે નિર્બળ કે લાચાર હોય, એવું નથી. તેઓ પણ મોટાં કામ કરી શકે છે. વળી તને આવી ઊંચાઈ મળી એનો અર્થ એ નથી કે તારાથી નીચા હોય એનાં કામને હીન નજરે જોવાં.’

વાંસ તો કશું સમજવા-સાંભળવા તૈયાર નહોતો. એણે કહ્યું, ‘મારી ઊંચાઈની તને ઈર્ષ્યા આવે છે, એટલે આવી બધી વાતો કરે છે. હું તો ઊંચો છું અને બધી રીતે ઊંચાં કામ કરું છું, સમજ્યો !’

આમ્રવૃક્ષ પર મંજરી મહોરી ઊઠી. રસમધુર કેરી આવતાં એની ડાળીઓ વધુ ઝૂકી ગઈ. બીજી બાજુ વાંસ વધુ ને વધુ ઊંચો થતાં સુકાતો ગયો, પરંતુ એના મનમાંથી અભિમાન સુકાયું નહોતું એટલે એણે આંબાને કહ્યું, ‘જરા મારી સામે ઊંચે જો. લોકો મને દૂર-દૂરથી નીરખી શકે છે અને તું આ કેરીના ભારથી કેવો દબાઈને નીચે ઝૂકી ગયો છે. એક તો નાનું કદ અને એમાં વળી નીચો થયો. વાહ રે વાહ !’

બંને વચ્ચેનો વાર્તાલાપ હજી પૂર્ણ થાય, ત્યાં તો એક પ્રવાસીમંડળી આવી. એમણે આંબાના ઘેઘૂર વૃક્ષ નીચે રાતવાસો કરવાનું નક્કી કર્યું. શિયાળાની કડકડતી ઠંડી હતી, આથી એમાંથી બચવા માટે એમણે તાપણું કરવાનો વિચાર કર્યો. બાજુમાં જ ઊંચા રહેલા વાંસના વૃક્ષને કાપીને લાકડીઓનો ઢગલો કર્યો અને અભિમાની વાંસના ટુકડા કર્યા. વાંસ રડતો રહ્યો ને તાપણામાં બળતો રહ્યો.

# ૨૨. તમારી કઈ જાત છે, તે જાણો છો ?

યુવાનોનું એક ટોળું ટ્રેનમાં મુસાફરી કરતું હતું. ટ્રેનના એ ડબ્બામાં આચાર્ય કૃપલાણીએ પ્રવેશ કર્યો અને સહુ યુવાનો એમના તરફ જોઈ રહ્યા. એમને થયું કે આ વડીલની જરા મજાક કરી લઈએ ! એક યુવાન જાણે એમને કંઈક સવાલ પૂછવા ચાહતો હોય, તેમ એમના તરફ એકીટસે તાકીને જોઈ રહ્યો. આચાર્ય કૃપલાણીએ સહજતાથી પૂછ્યું, 'કેમ મારા તરફ આટલી બધી ઉત્સુકતાથી જુઓ છો ? કંઈ વિચારો છો કે કશુંક પૂછવા ચાહો છો ?'

એક યુવાને કહ્યું, 'મારા મનમાં એક પ્રશ્ન જાગ્યો છે અને તે મારે તમને પૂછવો છે.'

'જરૂર પૂછો.'

'મહાત્મા ગાંધી અને બીજા બધા આગેવાનો એમનાં ભાષણોમાં વારંવાર એક વાત કરે છે કે દેશની તરક્કી સાધવી હશે, તો નાત-જાતનું અનિષ્ટ દૂર કરવું પડશે. આવા ભેદો ભૂંસી નાખવા પડશે. પરંતુ વાસ્તવિકતા એ છે કે બે વ્યક્તિ મળે ત્યારે સૌપ્રથમ એની નાત-જાત પૂછે છે. આવું કેમ?'

આચાર્ય કૃપલાણીજીએ કહ્યું, 'એનું કારણ કે આપણા મનમાં વર્ષોથી રૂઢ સંસ્કાર પડી ગયા છે. આથી આપણે પહેલાં આવો જ પ્રશ્ન પૂછીએ છીએ અને પછી એ વ્યક્તિ વિશે ધારણાઓ બાંધીએ છીએ.'

ટીખળી યુવાને સવાલ કર્યો, 'ધારો કે મારે તમારા વિશે ધારણા કરવી હોય તો તમારી જાત કઈ છે તે જાણવું પડે ખરું ને! મને કહો ને ?'

'તો સાંભળ. હું કોઈ એક જાત ધરાવતો નથી. સવારે હું શૌચ કાર્ય કરીને શૌચાલયને સ્વચ્છ કરું છું ત્યારે હું શૂદ્ર કહેવાઉં, પછી હું મારાં જૂતાં સાફ કરું છું,

એ સમયે મોચી કહેવાઉં. પછી કૉલેજમાં જઈને અધ્યાપનકાર્ય કરું છું, ત્યારે હું બ્રાહ્મણ કહેવાઉં, પગારના દિવસે પૈસા ગ્રહણ કરું છું, તેથી હું વૈશ્ય કહેવાઉં. કોઈ અસહાયને મદદ કરવા માટે કે આઝાદીને માટે હું નીકળી પડું, ત્યારે હું ક્ષત્રિય ગણાઉં. આમ મારી એક નહીં, પણ અનેક જાતિ છે. આથી હું તમને કઈ રીતે કહી શકું કે હું અમુક એક જાતિ જ ધરાવું છું.'

યુવકને આચાર્યશ્રીનો ઉત્તર સ્પર્શી ગયો. વાતનું સમાપન કરતાં આચાર્ય કૃપલાણીએ કહ્યું, 'ભાઈ ! માણસની કિંમત એની જાત પરથી કરવાને બદલે તેનાં સારાં-નરસાં કાર્યો પરથી કરવી જોઈએ.'

## ૨૩. શ્રીકૃષ્ણને જોવા માટે આંખો શાને બંધ કરું ?

કૃષ્ણભક્ત ઉદ્ધવને પોતાના ધર્મજ્ઞાનનું અભિમાન હતું. જ્ઞાની હોવાને કારણે અક્કડ ચાલતા હતા. કૃષ્ણપ્રાપ્તિ માટે સહુને માર્ગ બતાવતા હતા. એ વિરહિણી ગોપીઓને ઉપદેશ આપવા માટે ગોકુળમાં જાય છે. એમણે જોયું તો ગોકુળમાં ગોપીઓ શ્રીકૃષ્ણના વિરહમાં આક્રંદ કરતી હતી. જ્ઞાની ઉદ્ધવજીએ એમને પૂછ્યું, 'આટલું બધું રડો છો શા માટે ?'

તો ગોપીઓએ કહ્યું, 'પ્રભુનાં દર્શન કાજે.'

ઉદ્ધવજી હસી પડ્યા. એમણે કહ્યું, 'પ્રભુનાં દર્શન કરવા હોય તો તમે નિર્ગુણ બ્રહ્મનું ચિંતન કરો. ચક્ષુ બંધ રાખીને તમે એકાગ્રતાથી ધ્યાન કરો, તો સમાધિ સાંપડતાં તમને શ્રીકૃષ્ણ દેખાશે.'

ગોપીઓ કહે છે, 'અમે જાણતા હતા કે તમે મહાજ્ઞાની છો, પરમ કૃષ્ણભક્ત છો, પણ એમ સમજવામાં અમે ભારે ભૂલ કરી છે. તમે મનને સમાધિમાં લગાડવાનું કહો છો, પણ અમે કઈ રીતે મનને સમાધિમાં લગાડીએ ?'

ઉદ્ધવજીએ કહ્યું, 'જુઓ, આંખો બંધ કરી મનથી ધ્યાન કરશો અને સમાધિમાં જશો, તો આપોઆપ શ્રીકૃષ્ણ તમને મળશે.'

ગોપીઓએ કહ્યું, 'ઉદ્ધવજી, તમે તો એટલુંય નથી સમજતા કે મન એક જ હોય છે. ત્રણ-ચાર મન હોતાં નથી, તો પછી કઈ રીતે આંખો બંધ કરી મનથી ધ્યાન ધરીએ. ઘણાં મન હોય તો એક મનને સમાધિમાં રાખી શકાય, પણ અમારી પાસે તો એક જ મન છે.'

ઉદ્ધવજીએ કહ્યું, 'તો એ એક મનને તમે સમાધિમાં ડુબાડી દો ને !'

'પણ અમારું એ મન તો કૃષ્ણ ગોકુળમાં પધાર્યા, ત્યારે એમની સાથે લઈને ગયા છે. આ તો મન વગરના દેહ અહીં છે. હવે મન જ એમની પાસે હોય, તો

મનને એકાગ્ર કરવાની વાત ક્યાં આવે ?'

ઉદ્ધવજીએ કહ્યું, 'કાંઈ નહીં, તમે આંખો બંધ કરીને શ્રીકૃષ્ણનું ધ્યાન ધરો, તોય બસ છે.'

ગોપી હસી પડી અને પૂછ્યું, 'જો ઉઘાડી આંખે અમને શ્રીકૃષ્ણ દેખાતા હોય, તો પછી આંખો શા માટે બંધ કરું ? જ્ઞાનીઓને કદાચ આંખો બંધ કર્યા પછી પરમાત્મા દેખાતા હશે અને આંખ ઊઘડે ત્યારે આ જગત દેખાતું હશે, પણ અમને તો ઉઘાડી આંખે પરમાત્મા દેખાય છે. વળી જેના હૃદયમાં કૃષ્ણ હોય, તેને ઉઘાડેલી કે બંધ આંખો સાથે શો સંબંધ ? એવા કૃષ્ણ અમારી સાથે છે. તમે કહો છો તેવા મથુરામાં કોઈ બીજા કૃષ્ણ હશે.'

ગોકુળમાં ઉપદેશ આપવા ગયેલા ઉદ્ધવજીએ ગોપીઓની ભક્તિ જોયા પછી ગોપીઓને પોતાના ગુરુ તરીકે સન્માનવા લાગ્યા.

## ૨૪. ઊંઘમાં કેટલી વાર પડખું ફેરવો છો ?

ભગવાન બુદ્ધના પરમ શિષ્ય આનંદને સદૈવ એક વાતનું પરમ આશ્ચર્ય હતું. વિહારમાં એ ભગવાન બુદ્ધની નજીક સૂતો હતો. એ હંમેશાં જોતો કે ભગવાન બુદ્ધ રાત્રે જે પડખે સૂએ છે, એ જ પડખે સવારે ઊઠે છે.

આવું બને કઈ રીતે ? પોતાને તો રાતમાં નિદ્રા આવે તે પૂર્વે, નિદ્રાધીન અવસ્થામાં અને સવારે ઊઠતાં પહેલાં કેટલીય વાર પડખાં બદલવાં પડે છે. એને થયું કે નક્કી ભગવાન બુદ્ધ પાસે કોઈ અદ્ભુત શક્તિ હોવી જોઈએ કે પછી આ એમનો દૈવી ચમત્કાર લાગે છે !

એક દિવસ બુદ્ધના આ શિષ્યે ગુરુને પ્રશ્ન કર્યો, ‘મારા મનમાં પરમ આશ્ચર્ય છે કે આપ જે પડખે સૂઓ છો, એ જ પડખે ઊઠો છો. આનું કારણ શું ? આની પાછળ કોઈ રહસ્ય કે ચમત્કાર છે ?’

ભગવાન બુદ્ધે હસતાં હસતાં કહ્યું, ‘ભિખ્ખુ આનંદ, રાત્રે શયન દરમિયાન પડખું નહીં બદલવાનું એક કારણ અહિંસા છે.’

ગુરુવચન સાંભળીને આનંદને પારાવાર આશ્ચર્ય થયું અને બોલ્યો, ‘આમાં વળી અહિંસા ક્યાં આવી ? રાત્રે નિદ્રામાં ક્યાં આપણે કોઈની હિંસા કરતા હોઈએ છીએ.’

ભગવાન બુદ્ધે કહ્યું, ‘હું પડખું નથી બદલતો, એનું કારણ એ છે કે બાજુમાં કોઈ જીવજંતુ હોય તો તે પડખું બદલતાં દબાઈ ન જાય અને એનું બીજું કારણ એ કે હું એ વાતનું ધ્યાન રાખું છું કે ઊંઘમાં ક્યાંક અજાગ્રત ન બની જાઉં. જીવનની પ્રતિક્ષણ જાગૃતિ માટે આ જરૂરી છે.’

‘ઓહ, આપ કેટલા મહાન છો !’ આનંદ બોલી ઊઠ્યો.

‘એક ત્રીજું કારણ એ પણ છે કે મારા મનમાં કોઈ ઇચ્છા નથી, મનમાં પરમ શાંતિ છે, હું નિશ્ચિંત અને અભય છું, તો પછી પડખું બદલવા માટે કોઈ કારણ રહેતું નથી.’

ભિખ્ખુ આનંદને સમજાઈ ગયું કે ભગવાન બુદ્ધ અચેતન અને ચેતનમાં સામ્ય સ્થાપિત કરી ચૂક્યા છે.

## ૨૫. ધર્મોપદેશ આપવાને બદલે દુષ્કાળ-રાહતની વાત?

એ દિવસોમાં પંજાબમાં ચોતરફ ભીષણ દુષ્કાળ પ્રવર્તતો હતો. આને પરિણામે ચોતરફ અનેક લોકો અન્નના અભાવે મૃત્યુ પામતા હતા. વળી પશુઓની સ્થિતિ તો એનાથી પણ બદતર હતી.

આવે સમયે બંગાળમાં પોતાના આશ્રમમાં રહેલા સ્વામી વિવેકાનંદને મળવા માટે એક સર્જકની સાથે બીજા બે મહાનુભાવો પણ આવ્યા. એમના મનમાં સ્વામીજીની તેજસ્વી વાણી અને પ્રભાવક ઉપદેશ પામવાની તીવ્ર ઉત્કંઠા હતી. એમની સાથે વાતચીત કરતાં સ્વામીજીને જાણ થઈ કે આમાંના એક મહાનુભાવ તો પંજાબથી આવે છે. આવી જાણકારી મળતાં જ સ્વામી વિવેકાનંદે તત્કાળ એમને કહ્યું, 'ભાઈ, મને પંજાબના દુષ્કાળ અંગે વિગતે વાત કરો. હું અતિ ચિંતાતુર છું.'

પંજાબથી આવેલી વ્યક્તિએ સ્વામી વિવેકાનંદને દુષ્કાળની પરિસ્થિતિ અંગે માહિતી આપી અને પછી એમણે એમની વાત પૂરી કરી એટલે સ્વામીજી અત્યંત ઉપદેશ સાંભળવા એકત્રિત જનમેદનીને આવી પરિસ્થિતિમાં કઈ રીતે કાર્ય કરવું જોઈએ, માનવતાનો સાદ પડે ત્યારે રાહતકાર્યોમાં કઈ રીતે યોગદાન આપવું જોઈએ — એ વિશે લંબાણથી સમજાવવા લાગ્યા. આમ એકાદ કલાક સુધી સ્વામી વિવેકાનંદે પંજાબના દુષ્કાળ રાહત અંગે માંડીને વાત કરી.

સમય પૂરો થતાં એમણે સહુની વિદાય લીધી, ત્યારે બંગાળના સાહિત્યસર્જકે સ્વામીજીને પૂછ્યું, 'અરે સ્વામીજી ! અમે તો આપની પાસે સત્સંગ માટે આવ્યા હતા. આપનો ઉપદેશ શ્રવણ કરવાની અમારી તીવ્ર ઉત્કંઠા હતી, કિંતુ તમે તો ઉપદેશ આપવાને બદલે માત્ર દુષ્કાળરાહતની જ વાત કરી !'

સ્વામીજીએ કહ્યું, 'ભાઈ, આ આપણો પહેલો ધર્મ છે. આપણા દેશનું એક કૂતરું પણ ભૂખ્યું રહે, ત્યાં સુધી એની ચિંતા સેવવી, એની સંભાળ લેવી અને એને ખવડાવવું એ મારો અને તમારો સાચો ધર્મ છે. આ સિવાય બીજું બધું એ અ-ધર્મ કે અ-સત્ય અથવા તો જૂઠો ધર્મ છે. દેશના ભૂખે મરતા લોકોની સેવા કરવા કરતાં અન્ય કોઈ મોટો ધર્મ હોઈ શકે નહીં.'

સ્વામી વિવેકાનંદની માનવસેવાની ઉન્નત ભાવના જોઈને આગંતુકોનું મસ્તક આપોઆપ નમી પડ્યું.

## સદ્‌વિચાર પરિવાર

### ડૉ. કે. આર. શ્રોફ સેવા સદન

'સદ્‌વિચાર પરિવાર' સંચાલિત ડૉ. કે. આર. શ્રોફ સેવા સદનમાં આરોગ્યની સારસંભાળ માટે નીચે મુજબની સેવાઓનો આપ લાભ લઈ શકશો.

- વરિષ્ઠ નાગરિકો માટે આધુનિક રિહેબિલિટેશન સેન્ટર (૪૦ બેડ્‌સની ક્ષમતા સાથે)
- કૉમ્યુનિટી આંખની હૉસ્પિટલ
- હેલ્થ કેર સહાયક માટે તાલીમ કેન્દ્ર
- વરિષ્ઠ નાગરિકો માટે મલ્ટિસ્પેશિયાલિટી ક્લિનિક
- મહિલાઓ માટે મલ્ટિસ્પેશિયાલિટી ક્લિનિક
- બાળકો માટે ક્લિનિક
- જરૂરિયાતમંદ માટે મફત દવાખાનું
- માનસિક આરોગ્ય ક્લિનિક
- ફિઝિયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપી સેન્ટર
- ડેન્ટલ ક્લિનિક
- લેબોરેટરી સેવાઓ
- દર્દીની સારસંભાળ માટે ઘરે લઈ જવા માટેનાં મેડિકલ સાધનો
- એમ્બ્યુલન્સ
- હોમ કેર વાન
- કોન્ફરન્સ હૉલ
- વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવા માટે જગ્યા
- તમે અમારો સંપર્ક E-mail: sdparivar.org@gmail.com, svpsevasadan@gmail.com ઉપર તથા આરોગ્યલક્ષી સેવાઓની માહિતી માટે અમારા સેવા સદનના હેલ્પલાઈન નંબર : ૯૮૯૮૩૭૭૭૦૦ ઉપર સંપર્ક કરી શકશો. વધુ માહિતી માટે અમારી વેબસાઈટ : www.sadvicharparivar.org ની મુલાકાત પણ લેતા રહેશો.

---

**સદ્‌વિચાર પરિવાર**

સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે, ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ- ૩૮૦૦૧૫

वसुधैव कुटुम्बकम् ।

सद्विचार परिवार



સદ્વિચાર પરિવાર સેવા સદન, રામદેવનગર, સેટેલાઈટ (અમદાવાદ)



સદ્વિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, ઉવારસદ (ગાંધીનગર)



સદ્વિચાર પરિવાર નરોડા સંકુલ (અમદાવાદ)

www.printvision.in
+91 98250 26302